RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 177 Dt. 20-01-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત-UAEની મિત્રતા ગુજરાત માટે આશીર્વાદ

## સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદે વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી કર્યા સમજૂતી કરારો

### પશ્ચિમ એશિયા અંગે ચર્ચા કરી શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને સમર્થન

નવીદિલ્હી, તા. ૧૯

સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સોમવારે ભારતની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, પીએમ મોદીએ લોક કલ્યાણ માર્ગ પર તેમના નિવાસસ્થાને અલ નાહ્યાન સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી. બેઠક દરમિયાન, બંને દેશો વચ્ચે અનેક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગને પ્રોત્સાહન આપવા પર ચર્ચા કરવામાં આવી હતી.

વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ લોટલમાં રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલ માટે ઐતિહાસિક કલાકૃતિઓ પૂરી પાડવાની UAE ની પહેલની પ્રશંસા કરી હતી. બંને દેશો ધ્રુવીય વિજ્ઞાન, સંયુક્ત અભિયાનો અને સંસ્થાકીય સહયોગ જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા માટે પણ સંમત થયા હતા. વિક્રમ મિસ્ત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતીય મૂળના આશરે ૪.૫ મિલિયન લોકો UAE માં રહે છે અને કામ કરે છે. પ્રધાનમંત્રી મોદીએ આ ભારતીય નાગરિકોની સુખાકારી અને હિતોની સંભાળ રાખવા બદલ રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદનો આભાર માન્યો હતો. વધુમાં, બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં પ્રાદેશિક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી અને પ્રદેશમાં




શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને સમર્થન આપ્યું.

મિસરીએ જણાવ્યું હતું કે વેપાર અને રોકાણ ક્ષેત્રમાં અનેક પહેલોને વેગ આપવા માટે પણ એક કરાર થયો છે. આમાં ભારત માર્ટ, વર્ચ્યુઅલ ટ્રેડ કોરિડોર અને ભારત-આફ્રિકા SETU પહેલનો સમાવેશ થાય છે. UAE કંપનીઓ ડીપી વર્લ્ડ અને ફર્સ્ટ અબુ ધાબી બેંકને ગુજરાતના GIFT સિટીમાં ઓફિસો અને કામગીરી ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. તેમણે ભાર મૂક્યો કે બંને દેશોએ રાષ્ટ્રીય ચુકવણી પ્લેટફોર્મના આંતર જોડાણ પર કામ કરવાનો અને વેપારને પ્રોત્સાહન આપવાનો નિર્ણય લીધો છે. બેઠક દરમિયાન, વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદે ભારત-UAE દ્વિપક્ષીય સહયોગના તમામ પાસાઓની સમીક્ષા કરી. બંને નેતાઓએ નોંધ્યું કે ભારત-UAE વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી છેલ્લા દાયકામાં સતત મજબૂત બની છે. બેઠક દરમિયાન, બંને નેતાઓએ તાજેતરના વર્ષોમાં થયેલી ઉચ્ચ-સ્તરીય મુલાકાતોનું સ્વાગત કર્યું.

તેમણે છેલ્લા બે વર્ષમાં અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન અને દુબઈના ક્રાઉન પ્રિન્સ, નાયબ વડા પ્રધાન અને UAEના સંરક્ષણ પ્રધાન શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ દ્વારા ભારતની મુલાકાતોની નોંધ લીધી. બંને નેતાઓએ કહ્યું કે આ મુલાકાતો ભારત-UAE સંબંધોમાં પેઢીગત સાતત્ય દર્શાવે છે અને આવનારા સમયમાં આ ભાગીદારી વધુ મજબૂત બનશે.

#### બંને દેશો વચ્ચેનો વ્યાપાર થશે બમણો

દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્ર પ્રમુખ શેખ ઝાયદ વચ્ચે થયેલી બેઠકની માહિતી આપતા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે વેપારના મોરચે ૨૦૨૨માં બંને દેશોએ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. જે પછી બંને દેશો વચ્ચે ૧૦૦ બિલિયન ડોલરનો કારોબાર થયો છે. તેને જોતાં બંને નેતાઓએ લક્ષ્યને વધારવાનો નિર્ણય કર્યો છે. જે ૨૦૩૨ સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરી ૨૦૦ AbS યુએસ ડોલર સુધી પહોંચાડવામાં આવશે. આ સાથે એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે MSME ઉદ્યોગો માટે નિકાસને પશ્ચિમ એશિયાઈ, આફ્રિકન અને યુરેશિયન પ્રદેશોમાં તે સરળ બનાવવામાં આવશે'



## ભારતનાં આર્થિક સુધારાથી વિશ્વ અચરજમાં
# વૈશ્વિક વિકાસમાં ભારતનું ૨૦ ટકા યોગદાન

રાજકોટ, તા. ૧૯

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ૫૬મી વાર્ષિક બેઠક સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં શરૂ થઈ હતી. આ વાર્ષિક બેઠકમાં વિશ્વભરના રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને નાગરિક સમાજના પ્રતિનિધિઓ ભાગ લેશે. ૨૩ જાન્યુઆરી સુધી ચાલનારી આ બેઠકના પહેલા દિવસે, WEF પ્રમુખ બોર્જ બ્રેન્ડે દાવોસમાં ખાસ વાત કરી. બ્રેન્ડેએ ભારતમાં આર્થિક સુધારા, ભારત-અમેરિકા વેપાર કરાર અને ભારત-EU વેપાર કરાર સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે જણાવ્યું હતું કે તાજેતરના મહિનાઓમાં ભારતે જે ઝડપી આર્થિક સુધારાઓ હાંસલ કર્યા છે તે પ્રશંસનીય છે. ભારતીય અર્થતંત્ર વિશે બોલતા, બ્રેન્ડેએ કહ્યું, ''છેલ્લા કેટલાક મહિનામાં ભારતમાં થયેલા નોંધપાત્ર આર્થિક સુધારા ખરેખર આશ્ચર્યજનક છે. મને અપેક્ષાઓ હતી, પરંતુ મને લાગ્યું કે આ સુધારા આગામી દાયકામાં થશે.''

ભારત-અમેરિકા સંબંધોનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે બદલાતા સંબંધોએ સરકારને સુધારાઓ લાગુ કરવા માટે વધુ પ્રેરિત કરી છે. ભારત-અમેરિકા વેપાર કરાર અંગે, બ્રેન્ડે એ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભવિષ્યમાં બંને દેશો વચ્ચે ચોક્કસપણે એક સોદો થશે. તેમણે કહ્યું, ''ભવિષ્યમાં, ભારત અને અમેરિકા વચ્ચે એક મોટો કરાર થશે.'' ભારતના વિકાસ અને પ્રગતિની પ્રશંસા કરતા, બ્રેન્ડે એમ પણ કહ્યું કે આજે ભારત પહેલા કરતાં વધુ આત્મવિશ્વાસ ધરાવે છે. WEF પ્રમુખે ભારતની આર્થિક વૃદ્ધિની ગતિની પણ પ્રશંસા કરી. ભારતની આર્થિક શક્તિ પર ભાર મૂકતા, બ્રેન્ડે કહ્યું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે અને વૈશ્વિક વિકાસમાં લગભગ ૨૦ ટકા યોગદાન આપી રહી છે.

# નોબેલ પુરસ્કાર ન મળ્યો, તો શાંતિની જવાબદારી નહીં

## નોર્વેના પીએમને ટ્રમ્પનો પત્ર : હવે ફક્ત શાંતિ પર ધ્યાન કેન્દ્રિત કરવાની કોઈ જવાબદારી લાગતી નથી

નવીદિલ્હી, તા. ૧૯

નોર્વેના વડા પ્રધાન જોનાસ ગાહર સ્ટોરને લખેલા પત્રમાં, નોબેલ પુરસ્કાર ન મળવાથી તેઓ કેટલા હતાશ છે તે અંગે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખુલાસો કર્યો છે. પત્રની સામગ્રી અંગે ચોંકાવનારી માહિતી લીક થઈ છે, જેમાં ટ્રમ્પે કહ્યું છે કે વિશ્વ શાંતિ વિશે વિચારવું તેમની જવાબદારી નથી. ટ્રમ્પે સ્વીકાર્યું છે કે ગ્રીનલેન્ડને જોડવાનો તેમનો પ્રયાસ નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવાથી તેમની હતાશા સાથે જોડાયેલો છે. આ માહિતી પબ્લિક બ્રોડકાસ્ટિંગ સર્વિસ (PBS) દ્વારા



આપવામાં આવી હતી. પત્રમાં, ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે નોબેલ પુરસ્કાર ન મળવાથી વૈશ્વિક બાબતો પર તેમનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. તેમણે લખ્યું, ''આઠથી વધુ યુદ્ધો બંધ કર્યા હોવા છતાં, તમારા દેશે મને નોબેલ શાંતિ પુરસ્કાર ન આપ્યો હોવાથી, મને હવે ફક્ત શાંતિ પર ધ્યાન કેન્દ્રિત કરવાની કોઈ જવાબદારી લાગતી નથી. જ્યારે શાંતિ હંમેશા સર્વોપરી રહેશે, હું હવે અમેરિકા માટે શું યોગ્ય અને યોગ્ય છે તે પણ વિચારી શકું છું.''

ટ્રમ્પે પત્રમાં જણાવ્યું હતું કે શાંતિ તરફના તેમના નોંધપાત્ર કાર્ય છતાં, તેઓ હવે ગ્રીનલેન્ડના યુએસ જોડાણ તરફ કડક પગલાં લઈ શકે છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ડેનમાર્ક ગ્રીનલેન્ડને રશિયા અને ચીનના ખતરાથી બચાવી શકશે નહીં. ગ્રીનલેન્ડ ડેનમાર્કનો સ્વાયત્ત પ્રદેશ છે, પરંતુ ટ્રમ્પે પત્રમાં ડેનમાર્કના દાવાને નકારી કાઢ્યો હતો. તેમણે ડેનમાર્કની સાર્વભૌમત્વ પર પણ સવાલ ઉઠાવતા દલીલ કરી હતી કે ડેનમાર્ક રશિયા કે ચીનથી ટાપુનું રક્ષણ કરી શકતું નથી. ટ્રમ્પે કહ્યું, ''જો ડેનમાર્ક રશિયા કે ચીનથી તે જમીનનું રક્ષણ કરી શકતું નથી, તો તેની માલિકી કેમ છે? કોઈ લેખિત દસ્તાવેજો નથી, ફક્ત એટલું જ કે સેંકડો વર્ષ પહેલાં ત્યાં એક બોટ પહોંચી હતી, પરંતુ અમારી બોટ પણ ત્યાં પહોંચી ગઈ છે.'' નોબેલ પુરસ્કાર ન મળવા પર ટ્રમ્પની હતાશા વચ્ચે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે નોબેલ શાંતિ પુરસ્કાર નોર્વેજીયન સરકાર દ્વારા નહીં, પરંતુ એક સ્વતંત્ર સમિતિ દ્વારા આપવામાં આવે છે.

# દિલ્હીમાં ગુજરાત ભાજપનો જમાવડો

## નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનઃ ચૂંટણી પ્રક્રિયામાં ગુજરાત ભાજપના ટોચના નેતાઓ હાજર

રાજકોટ, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા આજથી શરૂ થઈ રહી છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન આજે દિલ્હી સ્થિત કાર્યાલયમાં પોતાનું નામાંકન દાખલ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે. ત્યારે ભાજપના મુખ્યાલય ખાતે હલચલ તેજ બની છે. આ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ભાજપ શાસિત લગભગ તમામ રાજ્યોના મુખ્યમંત્રી, રાજ્યોના પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિષદના સદસ્યો દિલ્હી પહોંચી રહ્યાં છે. જેઓ નામાંકન સમયે હાજર રહેશે. ત્યારે ગુજરાત ભાજપની આખી ટીમ દિલ્હી જવા રવાના થઈ છે.

ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા જાણવામાં આવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે ૧૯ જાન્યુઆરીએ નામાંકન અને ૨૦ જાન્યુઆરીએ જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિત ભાજપા અગ્રણીઓ બે દિવસના દિલ્હી પ્રવાસે જશે. રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે દિલ્હી ઉપસ્થિત રહેનાર આગેવાનોની સૂચિ નીચે મુજબ છે.



### કોણ કોણ દિલ્હી ગયું

ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી, સી. આર. પાટીલ – કેન્દ્રીય મંત્રી તથા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, મનસુખભાઈ માંડવિયા – કેન્દ્રીય મંત્રી, નિમુબેન બાંભણિયા – કેન્દ્રીય મંત્રી, રાજેન્દ્રસિંહ રાણા – પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, પરશોત્તમભાઈ રૂપાલા – સાંસદ તથા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, જીતુભાઈ વાઘાણી – કેબિનેટ મંત્રી તથા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, નિતીન પટેલ – પૂર્વ ઉપમુખ્યમંત્રી, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા – પૂર્વ મંત્રી, રજની પટેલ – પૂર્વ પ્રદેશ મહામંત્રી તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી, ભરતસિંહ પરમાર – પૂર્વ સાંસદ (રાજ્યસભા), જયસિંહ ચૌહાણ – પૂર્વ સાંસદ (રાજ્યસભા), વિનોદ ચાવડા – સાંસદ (લોકસભા), જશવંતસિંહ ભાભોર – સાંસદ (લોકસભા), શંભુપ્રસાદ ટુંડિયા – ધારાસભ્ય તથા એસ.સી. મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી, વેલજીભાઈ માસાણી – ઓબીસી મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ , રતનસિંહ રાઠોડ – પૂર્વ સાંસદ (લોકસભા), માયાબેન કોડનાની – પૂર્વ ધારાસભ્ય, જગદીશ પટેલ – પૂર્વ ધારાસભ્ય, અમીબેન પરીખ – જામનગરના પૂર્વ મેયર.

### ભાજપનું વિઝન ૨૦૨૭

અનેક રાજ્યોમાં ચૂંટણીઓ આવી રહી છે. નીતિન નબીન અનુરાગ ઠાકરની ભાજપની યુવા ટીમના મોરચામાં તેમને સહયોગી તરીકે કામ કરી ચૂક્યા છે. હવે નીતિન નવીન ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આગામી ત્રણ વર્ષ માટે કામ કરશે. તેમનો કાર્યકાળ ૨૦૨૯ સુધી રહેશે. એપ્રિલ-મે ૨૦૨૯ માં અનેક રાજ્યોમાં ચૂંટણી આવશે, જેથી ભાજપે આ માસ્ટરસ્ટ્રોક માર્યો છે. નીતિન નવીનનું સૌથી આકરી પરીક્ષા પાર્ટીની જીતની લય બનાવી રાખવાની છે. આગામી વર્ષ ૨૦૨૭ માં જ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ આવનાર છે. આ રાજ્યોમાં પહેલાથી જ ભાજપની સરકાર કામ કરી રહી છે. આવામાં આ તમામ રાજ્યોમાં એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર અંતર્ગત જીત હાંસિલ કરવી તેમના માટે મોટી ચેલેન્જ બની રહેશે. આ ઉપરાંત ૨૦૨૭ માં પંજાબમાં પણ વિધાનસભા ચૂંટણી આવશે. અહી ભાજપને મજબૂત દાવેદારી કરાવવામાં નીતિન નબીનનો રોલ પડકારરૂપ બની રહેશે.



### ક્યાંય ઈમાનદારી બાકી રહી હોય તેવું લાગતું નથીઃ બે ભાઈઓએ ગઠીયાગીરીનો નવો જ તુક્કો અજમાવ્યો

# ગોંડલમાં સ્ક્રેપના વેપારી સાથે ૨૮.૬૯ લાખની ઠગાઈ

## ગાડીના વજન વખતે કાંટામાં ગોલમાલ કરી ગઠીયાગીરી આચરતાં હતાંઃ ગોંડલ તાલુકા પોલીસે એફઆઈઆર નોંધી શરૂ કરી તપાસ

રાજકોટ, તા.૧૯

ઠગાઈ કેવી કેવી રીતે થઈ શકે તેનો પ્રતીતિ કરાવતો વધુ એક બનાવ સામે આવ્યો છે. રાજકોટ જીલ્લાના ગોંડલ તાબેના જામવાડી જીઆઈડીસી વિસ્તારમાં આ બનાવ બન્યો છે. જેમાં પ્લાસ્ટિક સ્ક્રેપનો વ્યવસાય કરતા એક વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેતપુરના બે ભાઈઓએ ગાડીના વજનમાં ગોલમાલ કરી છેલ્લા પાંચ મહિનામાં અંદાજે ૨૮ લાખથી વધુની રકમ પડાવી લીધી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

વિગતો પર નજર કરીએ તો ગોંડલની નવજીવન સોસાયટીમાં રહેતા અને જામવાડી પાસે જય પેટ ઈન્ટરનેશનલ નામનું કારખાનું ધરાવતા ધર્મેશકુમાર ચંદુલાલ ચાંગેલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે દોઢ વર્ષ પહેલાં તેમના મિત્ર હિરેનભાઈ મારફતે જેતપુરના હિતેશ ગોવિંદભાઈ બારીયા અને અમિત બારીયા સાથે મુલાકાત થઈ હતી. આ બંને ભાઈઓ પ્લાસ્ટિક સ્ક્રેપ-ભંગાર વેચવાનું કામ કરતા હોવાથી ધર્મેશભાઈએ તેમની પાસેથી માલ ખરીદવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં વિશ્વાસ જીત્યા બાદ બંને પક્ષો વચ્ચે નિયમિત વેપાર શરૂ થયો હતો.

આ પછી જ્યારે પણ ભંગાર ભરેલી ગાડી આવતી ત્યારે ધર્મેશભાઈ પોતે હાજર રહીને રાધેશ્યામ વે-બ્રિજ પર વજન કરાવતા હતા. પરંતુ, ગાડી ખાલી થયા બાદ જ્યારે ખાલી ગાડીનું વજન કરાવવાનું હોય, ત્યારે તેઓ વિશ્વાસ રાખીને હિતેશ કે અમિતને એકલા મોકલતા હતા. આ તકનો લાભ ઉઠાવી બંને ભાઈઓ વજન કાંટાના ઓપરેટર સાથે મળીને અથવા અન્ય કોઈ રીતે ખાલી




ગાડીનું વજન ખરેખર વજન કરતા ૨૫૦ થી ૩૦૦ કિલો ઓછું લખાવતા હતા. ખાલી ગાડીનું વજન ઓછું આવવાને કારણે એટલો વજન પ્લાસ્ટિકના માલમાં ઉમેરાઈ જતો અને વેપારીએ વજન વગરના માલના નાણાં ચુકવવા પડતા હતા.

આ દરમિયાન ગત ઓક્ટોબર મહિનાની અગીયારમી તારીખના રોજ હિતેશ બારીયા બે ગાડી લઈને આવ્યો ત્યારે ધર્મેશભાઈને વજન બાબતે શંકા ગઈ હતી. બીજા દિવસે ફરી ગાડી આવતા તેમણે તેમના બનેવી નીતિનભાઈને સાથે મોકલ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે જે ગાડી જીજે૧૧વીવી-૪૬૬૬નું ખાલી વજન અગાઉ ૧૦૨૦ કિલો દર્શાવ્યું હતું, તેનું ખરેખર વજન ૧૩૩૦ કિલો હતું. આમ એક જ દિવસમાં ખાલી ગાડીના વજનમાં ૩૧૦ કિલોનો તફાવત આવતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.

વેપારીએ જ્યારે બંને ભાઈઓની કડકાઈથી પૂછપરછ કરી ત્યારે હિતેશે કબૂલાત કરી હતી કે તેઓ છેલ્લા પાંચ મહિનાથી આ રીતે વજનમાં છેતરપિંડી કરી રહ્યા છે. આરોપીઓએ જીજે૧૧વીવી-૪૬૬૬, જીજે-૦૯વાય-૭૭૩૫, જીજે૦૩બીઝેડ-૩૦૯૮ અને જીજે૧૪એક્સ-૫૧૪૪ નંબરના વાહનો દ્વારા માલ સપ્લાય કર્યો હતો. હિસાબ તપાસતા માલૂમ પડ્યું કે ઓગણત્રીસ એપ્રીલથી અગીયાર ઓક્ટોબર૨૦૨૫ દરમિયાન આરોપીઓએ કુલ રૂપિયા ૮,૬૯,૫૮૫ની રકમ ખોટા વજન બતાવીને પડાવી લીધી છે. હાલ ગોંડલ તાલુકા પોલીસે આ મામલે ગોંડલ જેતપુર રોડ પરની નવજીવન સોસાયટીમાં રહેતાં ધર્મેશકુમાર ચંદુલાલ ચાંગેલાની ફરિયાદ પરથી વંથલી કોયલીના હિતેષ ગોવિંદભાઈ બારીયા અને ઉપલેટાના અમિત બારીયા વિરુધ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

# રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી વાવ-થરાદ જિલ્લામાં

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક રાષ્ટ્રધ્વજ લહેરાવશે

ગાંધીનગર, તા.૧૯

વડાપ્રધાને ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળથી રાષ્ટ્રીય પર્વોની રાજ્યકક્ષાની ઉજવણી જુદા-જુદા જિલ્લાઓમાં જનભાગીદારીથી કરવાની શરૂ કરાવેલી નવતર પરંપરા અનુસાર ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં થવાની છે. રાષ્ટ્રીય પર્વની રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જે ઉજવણી થશે. તેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ જે તે જિલ્લાઓના તાલુકા મથકોએ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહીને ધ્વજવંદન કરાવશે.

રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ સંદર્ભમાં જાહેર કરાયેલી વિગતોમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, નવસારી જિલ્લાના ચિખલીમાં, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી રાજકોટ જિલ્લાના જેતપુરમાં, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગર જિલ્લાના માણસામાં, શ્રમ-રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા પોરબંદર જિલ્લાના રાણાવાવમાં, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ વલસાડ જિલ્લાના ઉમરગામમાં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દાહોદ જિલ્લાના ગોવિંદગુરૂ-લિંબડીમાં, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા સાબરકાંઠાના હિંમતનગરમાં, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં, ધ્વજવંદન કરાવશે.

રાજ્ય કક્ષાના મંત્રીઓ જે સ્થળોએ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધ્વજવંદન કરાવવાના છે તેમાં જળ સંપત્તિ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ નર્મદા જિલ્લાના એકતાનગર(કેવડિયા) માં, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષાબેન વકિલ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં, મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ સોલંકી ગીર-સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકામાં, શ્રમ-રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા કચ્છના ભુજમાં, કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા પંચમહાલ જિલ્લાના હાલોલમાં, શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં, કાયદા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકામાં, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી પ્રવિણભાઈ માળી મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં, રમત ગમત રાજ્ય મંત્રી ડો. જયરામભાઈ ગામિત ડાંગ જિલ્લાના આહવામાં, ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગા અમરેલી જિલ્લાના ખાંભામાં, નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ વડોદરા જિલ્લાના વાઘોડિયામાં, મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા આણંદ જિલ્લાના ખંભાતમાં, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી પી.સી. બરંડા મહિસાગર જિલ્લાના કડાણામાં, કુટીર ઉદ્યોગ રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોર પાટણ જિલ્લાના શંખેશ્વરમાં અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી મતી રિવાબા જાડેજા બોટાદ જિલ્લાના ગઢડાનો સમાવેશ થાય છે.

રાજ્યના જે નવ જિલ્લાઓના તાલુકા મથકોએ જિલ્લા કલેક્ટરઓ દ્વારા પ્રજાસત્તાક દિને ધ્વજવંદન થવાનું છે તેમાં અરવલ્લીના મેઘરજ, બનાસકાંઠાના ઓગડ, ભરૂચના આમોદ, દેવભૂમિ દ્વારકાના ભાણવડ તેમજ જામનગરના કાલાવડ અને જુનાગઢના કેશોદ ઉપરાંત મોરબી જિલ્લાના ટંકારા તથા સુરત જિલ્લાના માંડવી અને તાપીના ઉચ્છલમાં સંબંધિત કલેક્ટરઓ ધ્વજવંદન કરાવશે.

### તમારા પૈસા, તમારો અધિકાર’ અભિયાન અંતર્ગત

# મૂળ ખાતેદારને પરત કરાયા ૧૦૪ કરોડ

### આ અભિયાન હેઠળ રાજ્યમાં કુલ ૨૬,૮૭૪ દાવા રજૂ કરાયા : કેન્દ્રીય નાણા મંત્રી આ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ ગુજરાતથી કરાવ્યો હતો

રાજકોટ, તા.૧૯

‘તમારા પૈસા, તમારો અધિકાર’ ટેગલાઈન હેઠળ રાષ્ટ્રવ્યાપી નાણાકીય જાગૃતિ અભિયાનની શરૂઆત કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારમનની ઉપસ્થિતિમાં ઓક્ટોબર-૨૦૨૫માં ગુજરાતની રાજધાની ગાંધીનગરથી કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત ગુજરાતમાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ની સ્થિતિએ કુલ રૂ. ૧૦૪.૬૧ કરોડની રકમ એટલે કે, તેમની મહામૂલી મૂડી સ્વમાનભેર પરત કરાવામાં આવી છે.

રાજ્યમાં આ અભિયાનના પ્રારંભથી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં કુલ ૨૬,૮૭૪ દાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ દાવાઓની નિયમ મુજબની ખરાઈ કરીને સંબંધિત બેંકો દ્વારા ખાતેદારોને તેમની રકમ પરત કરવામાં આવી છે. આ ઝુંબેશ એક સરળ પણ શક્તિશાળી સંદેશ આપે છે કે નાગરિકો દ્વારા બચાવેલો દરેક રૂપિયો તેમને અથવા તેમના પરિવારને પરત કરવો જોઈએ. વધુમાં દાવો ન કરાયેલ થાપણો, વીમાની આવક, ડિવિડન્ડ, મ્યુચ્યુઅલ ફંડ બેલેન્સ અને પેન્શન ફક્ત કાગળ પરની એન્ટ્રીઓ નથી, તે સામાન્ય પરિવારોની મહેનતથી




કમાયેલી મહામૂલી મૂડી-બચત છે. આ બચત શિક્ષણ, આરોગ્ય સંભાળ અને નાણાકીય સુરક્ષાને વધુ મજબૂત બનાવશે તેવું મનાય છે.

ઉલ્લેખનીય છે કે, તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં દેશભરની વિવિધ બેંકોએ અંદાજે રૂ. ૭૫ હજાર કરોડથી વધુ બિનદાવાપાત્ર થાપણો RBIને ટ્રાન્સફર કરી છે. આ ઉપરાંત છઈઈ પાસે વીમા ક્ષેત્રમાં લગભગ રૂ. ૧૪ હજાર કરોડ, મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીઝમાં રૂ. ૩ હજાર કરોડ, કંપનીઓમાં રૂ. ૯ હજાર કરોડ અને રૂ. ૧૯ હજાર કરોડના મૂલ્યના શેર બિનઆયોજિત રીતે જમા છે. આમ, દેશમાં અંદાજે કુલ રૂ. ૧.૮૨ લાખ કરોડ રકમ અનક્લેમ્ડ છે. હવે સમયાંતરે આ રકમ પરત કરવાનું શરૂ થવાથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ખૂબ મોટો ફાયદો થઈ રહ્યો છે.

ગુજરાતમાં જાહેર ક્ષેત્રની બેંકોમાં અંદાજે ૨,૮૩૬.૮૦ કરોડ તેમજ વીમા કંપનીઓમાં અંદાજે ૨૩૫ કરોડની રકમ અનક્લેમ્ડ પડી છે, જેમાંથી આ અભિયાન થકી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં રૂ. ૧૦૪.૬૧ કરોડની રકમ તેમને કરેલા દાવાઓ મુજબ પરત કરવામાં આવી છે. ગુજરાત સરકારના તમામ વિભાગોમાં આ પ્રકારની રકમ માટે વિશેષ જાગૃતિ અભિયાન ચલાવીને તેમના ઘર સુધી તેમના હક્કના નાણા પહોંચાડવામાં આવી રહ્યા છે. આવા અભિયાન એ જન ધન યોજના અને UPI થી લઈને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સુધી નાણાકીય સમાવેશમાં ભારતની વ્યાપક સિદ્ધિઓ પર આધારિત છે, જેથી નાગરિકો માત્ર નાણાકીય સેવાઓ સુધી જ નહીં પરંતુ જે હકદાર છે તે પણ પાછું મેળવી શકે. વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આ ઝુંબેશ ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૫ એમ ત્રણ માસ દરમિયાન ગુજરાત સહિત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચલાવવામાં આવી છે. ડિજિટલ પ્રદર્શનો અને હેલ્પડેસ્ક નાગરિકોને તેમની દાવો ન કરાયેલી નાણાકીય સંપત્તિઓને સરળતાથી શોધી કાઢવા અને તેનો દાવો કરવામાં મદદ કરી રહી છે.

નોંધનીય છે કે, નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ (DFS) દ્વારા સંકલિત આ ઝુંબેશ, ભારતીય રિઝર્વ બેંક (RBI), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI), વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (IRDAI), પેન્શન ફંડ નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (PFRDA), અને રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ સત્તામંડળ (IEPFA), બેંકો, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ અને પેન્શન સંસ્થાઓ સાથે એક સામાન્ય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે.

# રાજ્યસ્તરીય રીલ્સ-શોર્ટ્સ મેકિંગ સ્પર્ધાનો પ્રારંભ

### વિદ્યાર્થીઓ માટે ગણાવાતું સાયબર સુરક્ષા જાગૃતિનું શાનદાર પ્લેટફોર્મ : ૮ ફેબ્રુઆરી સુધી યોજાશે સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત કવચ કેન્દ્ર (Cybersecurity Awareness and Creative Handholding-CAWACH Kendra) દ્વારા રાજ્યભરની કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રાજ્યસ્તરીય રીલ્સ / શોર્ટ્સ મેકિંગ કોમ્પિટિશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૯ જાન્યુઆરીથી તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી આયોજિત આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા, ડિજિટલ સ્વચ્છતા, ઑનલાઈન ફ્રોડથી બચાવ, સોશિયલ મીડિયા પર જવાબદારી અને ડિજિટલ સુખાકારી અંગે જાગૃતિ ફેલાવવાની અનોખી તક મળશે. સોશિયલ મીડિયાના લોકપ્રિય માધ્યમો પર ટૂંકી, આકર્ષક અને સર્જનાત્મક રીલ્સ બનાવીને વિદ્યાર્થીઓ સમગ્ર સમાજ સુધી સાયબર સુરક્ષાનો મજબૂત સંદેશ પહોંચાડી શકશે. સ્પર્ધામાં રાજ્યની તમામ સરકારી ઈજનેરી કોલેજો, બિન-અનુદાનિત કોલેજો, સ્ટેટ યુનિવર્સિટીઓ, ગ્રામવિદ્યાપીઠો તેમજ તમામ ખાનગી કોલેજો/ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

Cyber Safety Digital Hygiene, Online Frauds Scam Awareness, Social Media Responsibility, Cyber Safety for Women Children તથા Digital Well-being જેવી થીમ્સ પર રીલ બનાવવાની રહેશે. સ્પર્ધામાં શ્રેણી મુજબ વિજેતાઓને આકર્ષક રોકડ ઈનામ આપવામાં આવશે, જેમાં: સર્વશ્રેષ્ઠ શ્રેણી (દરેક થીમ મુજબ) પ્રથમ ૫ વિજેતાઓને રૂ. ૧૫,૦૦૦ પ્રતિ વિજેતા, ઉત્કૃષ્ટ શ્રેણી (દરેક થીમ મુજબ) ૫ વિજેતાઓને રૂ. ૧૦,૦૦૦ પ્રતિ વિજેતા ઉત્તમ શ્રેણી (દરેક થીમ મુજબ): ૫ વિજેતાઓને રૂ. ૭,૦૦૦ પ્રતિ વિજેતા તેમજ Encouragement Category: ટોપ ૫૦ પસંદગી પામેલ રીલ્સને રૂ. ૧,૦૦૦ પ્રતિ વિજેતાને અપાશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને C-Participation Certificate આપવામાં પણ આવશે તેવું જાહેર કરાયું છે.

સ્પર્દ્ધામાં જોડાનારે https:// cawach.gujgov.edu.in/ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી પોતાની રીલ સબમિટ કરવાની રહેશે. રજીસ્ટ્રેશન અથવા ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન કોઈ પણ પ્રકારની મુશ્કેલી જણાય તો ઈ-મેઈલઃ cawach-edugujgov.edu.in, મોબાઈલ નં.: ૯૮૭૦૦૫૩૮૨૫ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. . કવચ કેન્દ્ર દ્વારા રાજ્યની તમામ કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં વધુમાં વધુ ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અત્રે નોંધનીય છે કે, કવચ કેન્દ્ર (Cybersecurity Awareness and Creative Handholding-CAWACH Kendra), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો મુખ્ય હેતુ રાજ્યની તમામ ઉચ્ચ તથા ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ દ્વારા સાયબર સ્વચ્છતા, સાયબર ક્રાઈમ નિવારણ અને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન તથા જાગૃતિ પૂરું પાડવાનો છે.

### મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સંબંધો મજબુત કરવા રમાઈ મેચ

# ICAI દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

રાજકોટ, તા.૧૯

ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયાની રાજકોટ શાખા દ્વારા આંતર વિભાગીય મિત્રતા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.માધાપર ચોકડી નજીકના જગમૃત ક્રિકેટ ગ્રાઉન્ડ મેક ક્રિકેટ એકેડેમી ખાતે મેચ યોજાયો હતો.

રાજકોટ એડવોકેટ બાર એસોસિયેશન, સીજીએસટી, એસજીએસટી, આવકવેરા, આઈસીએસઆઈ રાજકોટ શાખા, પોલીસ ને આઈસીએઆઈ રાજકોટ શાખા વચ્ચે મેચ રમાઈ હતી. ટુર્નામેન્ટનો ઉદેશ વ્યવસાયિક સંવાદિતા



વધારવી, રમોત્સવની ભાવનાને પ્રોત્સાહન આપવું અને વિવિધ વિભાગો વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સંબંધો મજબૂત કરવાનો હતો. ટુર્નામેન્ટમાં આઈસીએઆઈના મોટા ભાગના સભ્યોમાં રાજ મારવાણીયા, જયેશ ધાનેજા, ધવલ દોશી, વિપુલ દત્તાણી, હિરેન રાયચુરા અને બાદલ સોનપાલ વિગેરે કમિટી મેમ્બર્સ અને અન્ય વિભાગના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### રૈયા ટેલિફોન એક્સચેન્જ સર્કલ પાસે PCBનો દરોડો

# કારમાં દારૂની હેરાફેરી કરતા કોન્ટ્રાક્ટરની ધરપકડ



રાજકોટ, તા. ૧૯

શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ દ્વારા રાજકોટ શહેરમાં પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે નાબૂદ કરવા અને અસરકારક કામગીરી કરવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાના અમલીકરણ માટે પી.સી.બી. શાખા સક્રિય બની છે. જે અંતર્ગત પી.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા તથા એમ.જે. હુણ અને પી.એસ.આઈ. પી.બી. ત્રાજીયા તથા આર.કે. જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન પોલીસ ટીમના એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, પો.હેડ.કોન્સ. વિજયભાઈ મેતા અને પો. કોન્સ. યુવરાજસિંહ રાણાને ચોક્કસ સંયુક્ત બાતમી મળી હતી કે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રૈયા ટેલિફોન એક્સચેન્જ સર્કલ પાસે આવેલ ક્રિષ્ના પાન એન્ડ કોલ્ડ્રીંકસ સામે રોડ પરથી એક કારમાં દારૂનો જથ્થો પસાર થઈ રહ્યો છે.

આ બાતમીના આધારે પી.સી.બી.ની ટીમે વોચ ગોઠવીને ત્યાંથી પસાર થતી ફોર્ડ ફિગો એસ્પાયર કાર નંબર ૠઉં-૧૦-ઈૠ-૯૯૪૫ને અટકાવી હતી. કારની તલાશી લેતા તેમાંથી એઈટ પી.એમ. સ્પેશ્યલ રેર વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની કુલ ૩૩૬ બોટલો મળી આવી હતી. પોલીસે રૂા. ૯૬,૭૬૮ની કિંમતનો દારૂ અને રૂા. ૩,૦૦,૦૦૦ની કિંમતની કાર મળી કુલ રૂા. ૩,૯૬,૭૬૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે પ્રકાશભાઈ સુરેશભાઈ રાઠોડ (ઉ.વ. ૩૬, ધંધો-કોન્ટ્રાક્ટર, રહે. આંબેડકરનગર શેરી નં. ૩, આસ્થા ચોકડી પાસે, રાજકોટ) નામના શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરીમાં પી.સી.બી. ટીમના એ.એસ.આઈ. સંતોષભાઈ મોરી, મયુરભાઈ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ અને ઘનશ્યામસિંહ ચૌહાણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની સાથે પો.હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગૌસ્વામી તેમજ પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમાર સહિતના સ્ટાફે જોડાઈને આ દારૂના જથ્થાને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

### રાજકોટમાં સેવાભારતી ભવન ખાતે યુવા પ્રતિભા મિલનમાં સૌરાષ્ટ્રભરના યુવાનો સાથે સંવાદ

# સંઘને સમજવા માટે સંઘમાં આવવું જોઈએ : ડો. ભાગવત

## પંચ પરિવર્તનના વિષયો થકી નાનાં-નાનાં કામો કરીને નાગરિકોને દેશહિતમાં યોગદાન આપવા પૂ. ડો. મોહનજી ભાગવતનું આહ્વાન

રાજકોટ, તા. ૧૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂ. સરસંઘચાલક ડો. મોહનજી ભાગવતનો રાજકોટમાં સેવાભારતી ભવન ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના પ્રતિભાશાળી યુવાનો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

યુવાનોને સંબોધતા ડો. મોહનજીએ કહ્યું હતું કે, યુવાનો વિવિધ ક્ષેત્રે દેશ માટે કામ કરે છે, ત્યારે દેશ શું છે તેની સ્પષ્ટ કલ્પના મનમાં હોવી જોઈએ. ભૂતકાળમાં આવો સ્પષ્ટ ખ્યાલ મનમાં ના હોવાથી કે ધૂંધળો પડવાથી દેશ ગુલામ બન્યો હતો. આપણો દેશ ચૈતન્યમય છે, આપણે તેને ભારત માતા કહીએ છીએ, તે કોઈ જમીનનો ભાગ માત્ર નથી. તેનું વિભાજન ન થઈ શકે, તે ભાવ સાથે જોડાયેલો છે.

સંઘના સ્થાપક ડો. હેડગેવાર દ્વારા સંઘની સ્થાપના પૂર્વે થયેલા મનોમંથનનો ઉલ્લેખ કરીને તેમણે સંઘની સ્થાપનાની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી. આ સાથે તેમણે કહ્યું કે, સંપૂર્ણ હિન્દુ સમાજને સંગઠિત કરવાના લક્ષ્ય સાથે સંઘ કાર્યરત છે.

હિન્દુ શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું કે, જેમ બ્રિટનમાં બ્રિટિશ, અમેરિકામાં અમેરિકન તેમ હિન્દુસ્તાનમાં રહેનારા હિન્દુ છે. ભારત અને હિન્દુસ્તાન બંને અલગ નથી, એક જ છે, ભારત એ સ્વભાવ છે. હિન્દુ એ સ્વભાવ છે. હળીમળીને, સાથે, એકતાથી ચાલવાનો સ્વભાવ એ હિન્દુ છે. તેમણે કહ્યું કે, આપણી ભાવના વસુધૈવ કુટુમ્બકમની રહી છે. સનાતન, ભારતીય, ઈન્ડિક, આર્ય, હિન્દુ... બધા સમાન નામો છે. પણ હિન્દુ શબ્દ સરળ છે અને સહેલાઈથી સમજી શકાય છે.

આજે દેશમાં હિન્દુ સમાજને આત્મવિસ્મૃત કરવા માટે ષડયંત્રો ચાલી રહ્યા છે, તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, હિન્દુઓ આદિકાળથી, પરંપરાથી આ ભૂમિ પર રહે છે અને દેશને શક્તિશાળી અને વિકસિત બનાવવાની જવાબદારી સમગ્ર સમાજની છે. આથી સંપૂર્ણ હિન્દુ સમાજને એક કરીને, ગુણવત્તાનું નિર્માણ કરીને વિશ્વ કલ્યાણ માટે દેશને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે સંઘ નિયમિત રીતે કામ કરી રહ્યો છે. સંઘની વિશિષ્ટ કાર્યશૈલીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સંઘ શાખાના માધ્યમથી ગુણવત્તાયુક્ત, શ્રેષ્ઠ, નિષ્ઠાવાન સ્વયંસેવકો તૈયાર કરે છે. આવા સ્વયંસેવકો સમર્પણ ભાવ સાથે સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે, વિવિધ સેવાકાર્યો કરે છે. પરંતુ તે સિવાય પણ સંઘનું કામ છે. માત્ર તેમને જોઈને સંઘના કામનું મૂલ્યાંકન ન કરી શકાય. સંઘને સમજવા માટે સંઘમાં જ આવવું પડશે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, દેશનું ભાગ્ય બદલવા સમગ્ર સમાજની સક્રિયતા જરૂરી છે. સમાજમાં પણ આચરણનું પરિવર્તન જરૂરી છે. જો કે બધા લોકો શાખામાં ન આવી શકે, તે ધ્યાનમાં રાખતા સંઘ દ્વારા પંચ પરિવર્તનનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, (૧) સામાજિક સમરસતા. (૨) કુટુંબ પ્રબોધન, (૩) પર્યાવરણઃ પાણી બચાવો, પ્લાસ્ટિક હટાવો, વૃક્ષો લગાવો, (૪) સ્વબોધ, સ્વદેશી, (૫) નાગરિક કર્તવ્ય - આ પાંચ ક્ષેત્રોમાં કોઈપણ નાગરિક નાના, મોટા કામો કરીને પણ દેશહિતમાં યોગદાન આપી શકે છે.








# ૧૦૮૦ ક્લોરિન ટેસ્ટ વચ્ચે શરદી તાવ ઉધરસના કેસ વધ્યાં

રાજકોટ , તા. ૧૯

રાજકોટમાં એક તરફ મચ્છર જન્ય મેલેરિયા, ડેન્યૂ, ચિકન ગુનિયાના કેસ સાવ નાબુદ થયા છે ત્યારે બીજી તરફ પાણીના ૧૦૮૦ ક્લોરિન ટેસ્ટ વચ્ચે શરદી ઉધરસ,તાવ, ઝાડા ઉલટી જેવા રોગચાળાએ માથું ઊંચક્યું છે.તારીખ ૧૨ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન મચ્છરજન્ય રોગોમાં મેલેરિયા ડેન્યૂ અને ચિકન ગુનિયાના એક પણ કેસ નોંધાયા નથી જ્યારે શરદી-ઉધરસના ૯૪૭ ( કુલ ૩૧૬૧) સામાન્ય તાવના ૬૨૫ ( કુલ ૨૧૪૩) ઝાડા-ઉલટીના ૧૭૯ (કુલ ૬૩૩,) કમળાનો ૧ (કુલ ૧૫) કેસ નોંધાયો હતો.

પાણીજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરૂપે કુલ ૧૦૮૧ કલોરીન ટેસ્ટ કરવામાં આવ્યા હતાં .રોગચાળો કાબૂમાં લેવા ૧૭૪૩૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે ફિલ્ડ વર્કરો દ્વારા ૩૩૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મચ્છર ઉત્પતિ સબબ ૧૮૦ રહેણાંકમાં અને ૪૧ કોર્મશીયલ આસામીને નોટીસ આપવામાં આવી છે.

# જંગલેશ્વરના ૪૦૦ લોકોની સુનાવણી શરૂ

## ૧.૨૩ લાખ ચો.મી.થી વધુ જમીનમાં ખડકાયેલા દબાણો હટાવવા કવાયત શરૂ

રાજકોટ, તા. ૧૯

છેલ્લા ઘણા સમયથી રાજ્યભરમાં દબાણો દૂર કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવેલી છે જેમાં જિલ્લા કલેકટર અને સ્થાનિક પ્રશાસનને છૂટો દોર આપી દેવામાં આવ્યો છે એટલું જ નહીં તેઓને દબાણો થયેલા હોય તેને દૂર કરવાના પાવર પણ આપવામાં આવ્યા છે ત્યારે અત્યારે રાજકોટમાં જંગલેશ્વરમાં જે ગેરકાયદે દબાણો ખડકી દેવામાં આવ્યા છે તે તમામને નોટિસ આપી રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા અને છેલ્લે બાકી રહેલા ૪૦૦ લોકોને વધુ એક તક સાંભળવા માટે આપવામાં આવી હતી જેને લઈને ગઈકાલે જ પૂર્વ મામલતદાર કચેરીમાં દબાણકરતાઓ ખૂબ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા.

રાજકોટ શહેરના ખુબ જ સંવેદનશીલ ગણાતા જંગલેશ્વર વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી થઇ ગયેલા ૧૩૭૦થી વધુ ગેરકાયદેસર દબાણો મામલે છેલ્લા કેટલાક દિવસોથી રાજકોટ કલેક્ટર તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરુ કરવામાં આવી છે. ૧.૨૩ લાખ ચો.મી.થી વધુ સરકારી જમીનમાં ખડકાઇ ગયેલા આ ગેરકાયદેસર દબાણોને હટાવવા માટે તાજેતરમાં જ જિલ્લા કલેક્ટરની સુચના મુજબ પૂર્વ મામલતદાર દ્વારા દબાણકર્તાઓને કલમ ૬૧ હેઠળની બાંધકામો તોડી પાડવાની નોટીસો આપવામાં આવેલ હતી.



દરમિયાન આ નોટીસો અનુસંધાને તાજેતરમાં ૯૦૦થી વધુ દબાણકર્તાઓને પૂર્વ મામલતદાર દ્વારા તક આપવામાં આવી સાંભળવામાં આવેલ હતા. મોટા ભાગના દબાણકર્તાઓએ લાઇટ અને વેરાના પુરાવા રજુ કર્યા હતા. જો કે એક પણ અરજદાર અસલ દસ્તાવેત રજુ કરી શક્યા ન હતા. દરમ્યાન આ સુનાવણી બાદ ૪૦૦ જેટલા દબાણકર્તાઓ તંત્ર સમક્ષ હાજર થયા ન હતા તેઓને ગત સપ્તાહમાં ફરી નોટીસો મામલતદાર દ્વારા પાઠવવામાં આવી હતી અને આજે તા.૧૯ની છેલ્લી મુદત તેઓને સાંભળવાની આપવામાં આવી હતી.

આ નોટીસોના પગલે આજે ફરી સવારથી જ પૂર્વ મામલતદાર કચેરી ખાતે ૪૦૦ જેટલા અરજદારો પોતાનો પક્ષ રજૂ કરવા માટે ઉમટી પડ્યા છે. કચેરી ઉઘડતા દબાણકર્તાઓ વેરા અને લાઇટ બીલના પુરાવા સાથે મામલતદાર સમક્ષ સુનાવણીમાં હાજર થઇ હતા. મામલતદાર કચેરીના સુત્રોના જણાવ્યા મુજબ આ છેલ્લી અને આખરી સુનાવણી છે. ત્યારબાદ દબાણના ઓર્ડરો કરવામાં આવશે અને છેલ્લે દબાણ તોડી પાડવાની કલમ ૨૦૨ હેઠળની આખરી નોટીસો ફટકારવામાં આવશે ત્યારબાદ બુલડોઝર ફેરવવાની કાર્યવાહી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે જંગલેશ્વરના દબાણ મામલે બંને પક્ષો વચ્ચે કાનૂની લડાઇ પણ છેડાઇ ચૂકી છે.

# જિ.પંચાયતની કારોબારીમાં 30 કરોડના કામોને બહાલી

## અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ દરખાસ્તોમાં ઓનના ભાવ આવ્યા છતાં મંજૂર, બન્યો ચર્ચાનો વિષય

રાજકોટ, તા. ૧૯

માર્ચ એન્ડિંગ નજીક આવી રહ્યું છે ત્યારે સ્થાનિક પ્રશાસન દ્વારા પણ હાલ બજેટની તૈયારીઓ પૂરજોશમાં ચલાવવામાં આવી રહી છે ત્યારે જિલ્લા પંચાયત ખાતે ગઈકાલે કારોબારીની બેઠક મળી હતી જેમાં વિવિધ ટેન્ડરો કે જે 30 ટકા ડાઉન જોવા મળ્યા હતા તો ૧૧ જેટલા ટેન્ડરોમાં ઓનના ભાવ આવ્યા હતા જેને મંજૂર કરતા હાલ આ તમામ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. અગાઉ પણ જિલ્લા પંચાયતની કારોબારીમાં જે પ્રશ્નો ઊભા થતાં અને જે રીતની કામગીરી થતી તેમાં ઘણાખરા સવાલો ઊભા થયેલા છે અને તેનો જવાબ આજ દિન સુધી મળ્યો નથી.

ગઈકાલે યોજાયેલી કારોબારી બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જે દરખાસ્તો રજૂ કરવામાં આવી તે તમામ ઓનથી મંજૂર થતા પંચાયત વર્તુળમાં ચર્ચાનો વિષય બની છે. રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક યોજાઇ હતી. મુળ એજન્ડામાં ૩૮ દરખાસ્તો હતી. જ્યારે અધ્યક્ષસ્થાનેથી ૧૭ દરખાસ્તો રજુ થઇ હતી. મુળ એજન્ડામાં બાંધકામની ૧૯ તથા સિંચાઇ વિભાગની ૧૫ દરખાસ્તો હતી. આંગણવાડી બાંધકામ ઉપરાંત ગ્રામ પંચાયત બિલ્ડીંગ-તલાટી આવાસ, પંચાયત ઘર, પેવર પટ્ટા વગેરેની બાંધકામ વિભાગની દરખાસ્તો હતો. ૧૯માંથી એકને બાદ કરતાં અન્ય ૧૮ ટેન્ડરો ડાઉનમાં આવ્યા હતા. જ્યારે એક નવ ટકા ઓનથી ગયું હતું.




સિંચાઇ વિભાગમાં પણ ત્રણ સિવાયના ટેન્ડરો ડાઉન અથવા ભાવોભાવ ગયા હતા. ટેન્ડરમાં દર્શાવાયેલી મુળ રકમની સરખાણીએ બે થી માંડીને ૨૯ ટકા સુધી ડાઉન ભાવ ક્વોટ થયા હતા. રસપ્રદ વાત એ છે કે અધ્યક્ષસ્થાનેથી બાંધકામ વિભાગની ૧૩ દરખાસ્તો રજુ થઇ હતી. તેમાંથી ૮ ટેન્ડર ઓનમાં મંજુર કરાયા હતા. જ્યારે અન્ય દરખાસ્તોમાં કોન્ટ્રાક્ટરોના ડાઉન ભાવ મંજુર થયા હતા.


સૂત્રોએ એમ કહ્યું કે કારોબારીનો એજન્ડા બહાર પડી ગયા બાદ ટેન્ડર ખુલ્યા હોય અને દરખાસ્તો તૈયાર થઇ હોય એટલે પછી અધ્યક્ષસ્થાનેથી લેવાતી હોય છે તે સામાન્ય પરંપરા છે. પરંતુ ઘણા ખરા ટેન્ડરો 30 ટકા સુધી ડાઉનમાં અને કેટલાંક ૧૦ ટકા સુધી ઓનમાં મંજુર થતાં ચર્ચા ઉઠી હતી. ટેન્ડરની મૂળ અંદાજ કરતાં અંદાજીત 30-30 ટકા સુધીનો તફાવત નીકળતો હોવાથી ચર્ચા હતી. એક સભ્યએ નામ નહીં દેવાની શરતે કહ્યું કે સરકારી કોન્ટ્રાક્ટરો એસઓઆરમાં વખતો વખત ભાવવધારો માંગતા હોય છે તેવા સમયે ટેન્ડરો ડીસ્કાઉન્ટમાં જતાં હોવાનું સૂચક છે.

રાજકોટ જિલ્લા પંચાયતની યોજાયેલી કારોબારી બેઠકમાં રૂા.૩૦.૫૫ કરોડના ૫૧ કામોને બહાલી આપવામાં આવી હતી. બાંધકામના કુલ ૩૨ કામોના ટેન્ડર કુલ રૂ.૨૩,૧૦,૯૮,૯૩૪ મંજૂર કરવામાં આવ્યા. જેમાં રાજકોટ જિલ્લાની જુદા જુદા ગામની કુલ ૧૨ આંગણવાડી બિલ્ડીંગ, ૩૨ નવી ગ્રામ પંચાયત બિલ્ડીંગ, ૧ પશુ દવાખાનાનું બિલ્ડીંગ તેમજ ૧૯ રસ્તાઓના કામોની મંજુરી આપવામાં આવી. રીસિંચાઇના કુલ ૧૨ કામોના ટેન્ડર કુલ રૂ.૬,૪૮,૩૨,૭૪૩ તથા કુલ ૩ કામોની વહીવટી મંજૂરી કુલ રૂ.૯૨,૯૬,૦૦૦ આમ, સિંચાઇના કુલ ૧૫ કામો કુલ ૭,૪૧,૨૮,૭૪૩ મંજૂર કરવામાં આવ્યા.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# શાંત-અશાંત

## અશાંત ધારા ઉપરાંત કુવૃતિ પર પણ વોચ અનિવાર્ય



આશ્ચર્યજનક સ્થિતિ સર્જાઇ છે.રાજકોટ જોખમી રુપે અશાંત છે અને રાજકોટવાસીઓ બેજવાબદીરની જેમ શાંત છે.રાજકોટમાં અશાંતધારાની મુદત લંબાવવામાં આવી છે. આ નિર્ણય શહેરની સુરક્ષા માટે અત્યંત મહત્વનો છે. પરંતુ માત્ર કાયદો પૂરતો નથી. કાયદાની સાથે કડક અમલીકરણ અને સતર્કતા પણ એટલી જ જરૂરી છે.

રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર પર હાલ મોટું જોખમ મંડાઈ રહ્યું છે. લઘુમતી વિસ્તારોમાં થતી શંકાસ્પદ હિલચાલ ચિંતાનો વિષય છે. આવી હિલચાલનો પર્દાફાશ કરવો હવે અનિવાર્ય બન્યો છે. સમાજ વિરોધી તત્વો શાંતિ ડહોળવા મથી રહ્યા છે. તેઓ છૂપા વેશે સમાજમાં અસ્થિરતા ઊભી કરી શકે છે.

અશાંતધારાનો મુખ્ય હેતુ મિલકતોના ગેરકાયદેસર હસ્તાંતરણને રોકવાનો છે. પરંતુ તેની આડમાં ચાલતી કુવૃતિઓ પર પણ નજર રાખવી પડશે. અમુક લોકો વસ્તીનું સંતુલન બગાડવાનો પ્રયાસ કરે છે. પદ્ધતિસર રીતે ચોક્કસ વિસ્તારોમાં ઘૂસણખોરી કરવામાં આવે છે. આ એક ગંભીર ષડયંત્ર હોઈ શકે.

પોલીસ અને ગુપ્તચર એજન્સીઓએ વધુ સક્રિય થવાની જરૂર છે. શંકાસ્પદ ભાડૂતો અને અજાણ્યા લોકોની તપાસ કડક બનાવવી જોઈએ. સ્થાનિક નાગરિકોએ પણ જાગૃત રહેવું પડશે. તમારી આસપાસ થતી કોઈ પણ અસામાન્ય પ્રવૃત્તિની જાણ તંત્રને કરો.

જો અત્યારે નહીં ચેતીએ તો ભવિષ્યમાં મોટી કિંમત ચૂકવવી પડશે. રાજકોટ સૌરાષ્ટ્રનું આર્થિક કેન્દ્ર છે. અહીંની શાંતિ જોખમાય તો આખા પ્રદેશને અસર થાય. શાંતિ જાળવવા માટે અશાંતધારાનું શસ્ત્ર મજબૂત બનાવવું પડશે. ગુપ્ત એજન્ડા ધરાવતા લોકો સામે કડક પગલાં લેવા જ પડશે.


શહેરની એકતા અને અખંડિતતા જાળવવી એ સૌની ફરજ છે. તંત્રએ 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવી જોઈએ. શંકાસ્પદ તત્વોને ઓળખી તેમને વહેલી તકે ખુલ્લા પાડવા જોઈએ. રાજકોટને સુરક્ષિત રાખવા માટે સતર્કતા એ જ એકમાત્ર ઉપાય છે. અશાંતધારાની અમલવારીમાં કોઈ પણ પ્રકારની ઢીલાશ ન પોસાય.

# ઈરાનનું ચાબહાર બંદર ભારત માટે ઉપયોગી

## ભારતની વિદેશ નીતિ અને અમેરિકા સાથેના સંબંધો પર પ્રશ્નો ઉભા બંદર પર વધી તપાસ

નવીદિલ્હી, તા. ૧૯

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો, પશ્ચિમી પ્રતિબંધો અને અમેરિકાની કડક વેપાર નીતિ વચ્ચે, એક મુખ્ય ભારતીય પ્રોજેક્ટ તપાસ હેઠળ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથે વેપાર કરતા દેશો પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાતથી માત્ર વૈશ્વિક બજારોને જ હચમચાવી દીધા નથી, પરંતુ ભારતની વિદેશ નીતિ વિશે ઘણા લાંબા સમયથી ચાલતા પ્રશ્નો પણ ઉભા થયા છે. ભારત પહેલાથી જ અમેરિકા સાથે વેપાર તણાવનો સામનો કરી રહ્યું છે, રશિયા પાસેથી તેલ ખરીદી અને આયાત પરના વિવાદોને કારણે ભારે ટેરિફનો સામનો કરી રહ્યું છે. પરિણામે, ઈરાન સાથે કોઈપણ આર્થિક અથવા વ્યૂહાત્મક સહયોગ અંગે ભારતનું વલણ અત્યંત સંવેદનશીલ બની ગયું છે. ટ્રમ્પના આ પગલા બાદ, બધાની નજર ફરી એકવાર ચાબહાર બંદર પ્રોજેક્ટ પર કેન્દ્રિત છે, જેને લાંબા સમયથી ભારતના પ્રાદેશિક રાજદ્વારીનો આધાર માનવામાં આવે છે.



દેશમાં રાજકીય નિવેદનબાજી તીવ્ર બની રહી છે, વિપક્ષ સરકાર પર અમેરિકાના દબાણ સામે ઝૂકવાનો આરોપ લગાવી રહ્યો છે, જ્યારે સરકાર આ દાવાઓને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવે છે. આ સમગ્ર ઘટનાક્રમે લોકોમાં પ્રશ્નો ઉભા કર્યા છેઃ ચાબહાર બંદર કેમ આટલું મહત્વપૂર્ણ છે અને તેનું ભવિષ્ય ભારત માટે શું હશે? ચાબહાર બંદર તાજેતરમાં તપાસ હેઠળ આવ્યું છે કારણ કે તેણે ભારતની વિદેશ નીતિ અને અમેરિકા સાથેના સંબંધો પર પ્રશ્નો ઉભા કર્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી છે. આનાથી ચિંતા વધી છે કે ભારત પણ આ દબાણનો સામનો કરી શકે છે, કારણ કે ભારત પહેલાથી જ અમેરિકા પાસેથી કુલ ૫૦ ટકા ટેરિફનો સામનો કરી રહ્યું છે, જેમાંથી અડધો ભાગ વેપાર ચિંતાઓને કારણે છે અને બાકીનો અડધો ભાગ રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે છે.

આ દરમિયાન, રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તીવ્ર બની છે કે શું ભારત અમેરિકાના દબાણ હેઠળ ચાબહાર બંદર પ્રોજેક્ટમાંથી ખસી રહ્યું છે. કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે મોદી સરકારે ચાબહાર પ્રોજેક્ટ પર આશરે ₹૧,૧૦૦ કરોડ ખર્ચ્યા હતા, પરંતુ આ રોકાણનું હવે કોઈ ભવિષ્ય નથી. કોંગ્રેસ પાર્ટીનો દાવો છે કે ભારતે બંદર પર પોતાનો પ્રભાવ લગભગ છોડી દીધો છે. સરકારે આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટતા કરી હતી કે ચાબહાર બંદર સંબંધિત તમામ યોજનાઓ પહેલાની જેમ જ ચાલુ છે. તેમણે સમજાવ્યું કે અમેરિકાએ એપ્રિલ ૨૦૨૬ સુધી ભારતને આ પ્રોજેક્ટ માટે ખાસ છૂટ આપી છે, અને ભારત આ બાબતે અમેરિકા સાથે સતત સંપર્કમાં છે.

ચાબહાર બંદર ઈરાનના દક્ષિણપૂર્વ કિનારે ઓમાનના અખાતના મુખ પર સ્થિત છે અને તેનું નામ ''ચાર ઝરણા'' પરથી પડ્યું છે. ભૌગોલિક રીતે, તેને ઈરાનનો સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ પ્રવેશદ્વાર માનવામાં આવે છે, કારણ કે તે દેશનો પ્રથમ ઊંડા પાણીનો બંદર છે, જે મોટા કાર્ગો જહાજો માટે સીધો ડોકીંગની મંજૂરી આપે છે. આ ચાબહાર અને વૈશ્વિક દરિયાઈ વેપાર નેટવર્ક વચ્ચે મજબૂત જોડાણ પૂરું પાડે છે. આ પ્રોજેક્ટમાં ભારતની ભાગીદારી ૨૦૦૨-૦૩ માં શરૂ થઈ હતી. હાલમાં, શાહિદ બેહેશ્તી ટર્મિનલ ભારતીય કંપની ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ દ્વારા સંચાલિત છે. ૨૦૨૪ માં, ભારતે તેના સંચાલન માટે દસ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા, જે તેની ગંભીરતા દર્શાવે છે. જો કે, ચાબહાર બંદરનો વિકાસ હજુ સુધી અપેક્ષિત ગતિએ પહોંચ્યો નથી.

# લોકશાહી-ચૂંટણી વ્યવસ્થાપન પર આંતરરાષ્ટ્રીય પરિષદ

## ત્રણ દિવસીય પરિષદ ૨૧ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન ભારત મંડપમ ખાતે યોજાશે

## ૭૦થી વધુ દેશોમાંથી આશરે ૧૦૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ રહેશે હાજર

નવીદિલ્હી, તા. ૧૯

ભારતીય ચૂંટણી પંચ લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પર ભારત આંતરરાષ્ટ્રીય પરિષદ ૨૦૨૬નું નેતૃત્વ કરી રહ્યું છે. ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ ડેમોક્રેસી અને ચૂંટણી વ્યવસ્થાપન દ્વારા આયોજિત, ત્રણ દિવસીય પરિષદ ૨૧ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. IICDEM ૨૦૨૬ એ ચૂંટણી વ્યવસ્થાપન અને લોકશાહીના ક્ષેત્રમાં ભારત દ્વારા આયોજિત તેના પ્રકારનું સૌથી મોટું વૈશ્વિક પરિષદ હશે. વિશ્વભરના ૭૦ થી વધુ દેશોમાંથી આશરે ૧૦૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ, તેમજ આંતરરાષ્ટ્રીય સંગઠનો, ભારતમાં વિદેશી મિશન, શિક્ષણવિદો અને ચૂંટણી કામગીરીના નિષ્ણાતોના પ્રતિનિધિઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર ડો. સુખબીર સિંહ સંધુ અને ચૂંટણી કમિશનર ડો. વિવેક જોશી સાથે, પ્રતિનિધિઓનું સ્વાગત કરશે અને ૨૧ જાન્યુઆરીએ ઉદઘાટન સત્રમાં કાર્યવાહી શરૂ કરશે.




ત્રણ દિવસના આ કાર્યક્રમમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના સામાન્ય અને પૂર્ણ સત્રો, જેમાં ઉદઘાટન સત્ર, EMB નેતાઓના પૂર્ણ સત્ર અને ઊખઈ કાર્યકારી જૂથની બેઠકો, તેમજ વૈશ્વિક ચૂંટણી મુદ્દાઓ, મોડેલ આંતરરાષ્ટ્રીય ચૂંટણી ધોરણો, અને ચૂંટણી પ્રક્રિયાઓમાં નવીનતાઓ અને શ્રેષ્ઠ પ્રથાઓ પર વિષયોના સત્રોનો સમાવેશ થાય છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના CEOs ની આગેવાની હેઠળ અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો દ્વારા સમર્થિત કુલ ૩૬ વિષયોના જૂથો પરિષદ દરમિયાન ઊંડાણપૂર્વક ચર્ચામાં ભાગ લેશે. આ ચર્ચાઓમાં ચાર IIT, છ IIM, ૧૨ રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટીઓ અને IIMC સહિત અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી પણ શામેલ હશે.

ભારતનું ચૂંટણી પંચ ઊખઈત દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ પડકારોની ચર્ચા કરવા અને સહયોગને આગળ વધારવા માટે વિશ્વભરના EMBs સાથે ૪૦ થી વધુ દ્વિપક્ષીય બેઠકો યોજશે. કમિશન ઔપચારિક રીતે ECINET પણ લોન્ચ કરશે, જે ચૂંટણી સંબંધિત તમામ માહિતી અને સેવાઓ માટે ECIનું વન-સ્ટોપ ડિજિટલ પ્લેટફોર્મ છે.

ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ કાર્યક્રમો સાથે, ભારતમાં ચૂંટણી યોજવાની તીવ્રતા અને જટિલતા અને ચૂંટણીના બે સ્તંભો - મતદાર યાદીની તૈયારી અને ચૂંટણીનું સંચાલન - ને મજબૂત બનાવવા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી પહેલ દર્શાવવા માટે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગને ચિહ્નિત કરવા માટે, IICDEM-૨૦૨૬ ના પહેલા દિવસે વિશ્વની સૌથી મોટી ચૂંટણી, લોકસભા ચૂંટણી ૨૦૨૪ ના સંચાલનને પ્રકાશિત કરતી એક દસ્તાવેજી શ્રેણી ''ઈન્ડિયા ડિસાઇડ્સ'' પણ પ્રદર્શિત કરવામાં આવશે.

# ભારત ફ્રાંસ પાસેથી ખરીદશે ૧૧૪ રાફેલ

## ભારતીય સંરક્ષણ સંપાદન બોર્ડે ફ્રેન્ચ વિમાન ખરીદવાના પ્રસ્તાવને આપી મંજૂરી



રાજકોટ, તા. ૧૯

ભારતીય સંરક્ષણ સંપાદન બોર્ડે ફ્રેન્ચ વિમાન ઉત્પાદક દસોલ્ટ પાસેથી ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રસ્તાવ ટૂંક સમયમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ સમક્ષ મૂકવામાં આવશે. ત્યારબાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિ દ્વારા અંતિમ મંજૂરી મળવાની અપેક્ષા છે.

ભારત અને ફ્રાન્સ ફેબ્રુઆરીમાં આ સોદાને અંતિમ સ્વરૂપ આપવાની તૈયારી કરી રહ્યા છે. આ સમય દરમિયાન વડા પ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે બેઠક યોજાવાની છે. સૂત્રોએ સ્પષ્ટતા કરી છે કે રાફેલ સોદો ભારતના સ્વદેશી ફાઈટર પ્રોજેક્ટ્સને અસર કરશે નહીં. પાંચમી પેઢીના અખઈઅ અને તેજસ માર્ક-૨ ની અલગ યોજનાઓ, સમયરેખા અને બજેટ છે. તેજસ માર્ક-૨ હાલના ૧૮૦ તેજસ માર્ક-૧અ વિમાન કરતાં વધુ આધુનિક હશે, જેના માટે સંરક્ષણ મંત્રાલયે પહેલાથી જ HAL સાથે ઓર્ડર આપી દીધો છે. નોંધનીય છે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, ભારતીય વાયુસેનાએ ૧૧૪ વધુ રાફેલ જેટ માટે સંરક્ષણ મંત્રાલયને ઔપચારિક દરખાસ્ત રજૂ કરી હતી. વાયુસેના જણાવે છે કે તેની પાસે પહેલાથી જ ૩૬ રાફેલ છે, અને નૌકાદળે ૨૬ રાફેલ (નૌકાદળનું સંસ્કરણ) ઓર્ડર આપ્યા છે. આનાથી વિમાનોની સંખ્યામાં વધારો થશે અને જાળવણી ખર્ચમાં ઘટાડો થશે.

આ ઉપરાંત, અંબાલા એરબેઝ પર રાફેલ તાલીમ અને MRO (જાળવણી, સમારકામ અને ઓવરહોલ) કેન્દ્ર પહેલેથી જ કાર્યરત છે. વાયુસેના પાસે બે સ્ક્વોડ્રન (આશરે ૩,૬૩૮ વિમાન) ઝડપથી સામેલ કરવા માટે જગ્યા, સ્પેરપાર્ટ્સ, સાધનો અને પ્રશિક્ષિત સ્ટાફ છે. આ સોદો વાયુસેનાની તાકાત વધારવા તરફ એક મોટું પગલું માનવામાં આવે છે. પ્રથમ પગલા તરીકે, સંરક્ષણ પ્રાપ્તિ બોર્ડે આજે મલ્ટિરોલ ફાઈટર એરક્રાફ્ટ (MRFA) ટેન્ડર હેઠળ ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાના ભારતીય વાયુસેનાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ પ્રસ્તાવ હવે અંતિમ ઔપચારિક મંજૂરી માટે સંરક્ષણ પ્રધાનની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) ને મોકલવામાં આવશે. ભારતીય સંરક્ષણ પ્રાપ્તિ બોર્ડે ૧૧૪ રાફેલ ફાઈટર જેટની ખરીદીને મંજૂરી આપી છે. આ પ્રસ્તાવ હવે અંતિમ મંજૂરી માટે DAC અને CCS પાસે જશે. ફેબ્રુઆરીમાં વડાપ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન વચ્ચેની બેઠક દરમિયાન આ સોદો અંતિમ સ્વરૂપ પામી શકે છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### આપણે સનાતની હોવા છતાં એ દિવ્ય શક્તિથી વંચિત શું કામ છીએ?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રણામ. શક્તિ ઉપાસનાનાં દિવસો ચાલી રહ્યાં છે, અને સંતાનો વિદેશ પરત ફરતાં મમતા માં ઘેરાયેલુ મન કંઈ વિચારવા સક્ષમ નથી! અને નિત નૂતન ચિંતન કરનારો જીવ આ જ તો માયા છે! એ સત્ય જાણવાં છતાં એનાથી બચી શક્યો નહીં! મુદલ કરતાં વ્યાજ વધુ વહાલું હોય એમ નાની ઢીંગલી મનમાં ઘર કરી ગઈ, પણ વ્યાસપીઠની કૃપા અપરંપાર છે, એટલે મમતાનું અતિક્રમણ નહીં થાય. મહા નવરાત્રીના પ્રારંભે આપણે દસ મહાવિદ્યા વિશે જોયું! પણ આપણી માટે તંત્ર નથી! તો મંત્ર એટલે એક વિચાર! એ રીતે જોઈએ તો આજે વિશ્વની અશાંતિ માટે એક વૈશ્વિક શાંતિ સ્થાપી શકે એવો કોઈ વિચાર જોઈએ! અને એ આપણને માત્ર સનાતન પાસેથી મળશે! વસુધૈવ કુટુંબનો. અત્યારે દિલ્હીમાં પણ ભારત મંડપમં માં માનસ સનાતન કથા ચાલી રહી છે. સનાતન શબ્દબ્રહ્મ નો અર્થ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે સનાતન એટલે દિવ્ય પુરુષ! અહીં પુરુષ એટલે જીવ એવો અર્થ કરીશું કારણ કે આ કોઈ લીંગ ભેદની વાત નથી. બીજો અર્થ કરતાં કહ્યુ કે જે પૂરાતન કાળથી એ જ રુપે, અને એ જ રીતે જે પ્રવર્તમાન સમયમાં પણ શાશ્વત છે, એટલે કે કાયમ છે એ! સનાતન અને શાશ્વત બંને એકબીજા સાથે એટલી હદે જોડાયેલા છે, કે એને ભિન્ન કરી શકાય એમ નથી. દિવ્ય અને ભવ્ય બંનેનો તફાવત કરતાં કહ્યુ કે, ભવ્યતા ક્યારેક ને ક્યારેક ભંગાર બની શકે છે, જ્યારે દિવ્યતા નિત નૂતન અને સુંદર હોય છે, એ કાયમ સૌને પ્રકાશિત કરનાર હોય છે, એ અક્ષુણ હોય છે. આ તો વાત થઈ બાપુની, પણ આપણને એક પ્રશ્ન થાય કે, આપણે આટલી દિવ્યતા નાં વંશજ છીએ, અથવા દિવ્યતા નાં અંશ છીએ! છતાં એ નૂતનતા કે મૌલિકતા નો અનુભવ કેમ થતો નથી? શું કમી છે? અથવા ભૂલ ક્યાં થઇ? આમ તો આપણી પાસે આ પ્રશ્નનો જવાબ નથી! પણ ઓળીયો ઘોળીયો કરવું હોય તો કાળ પર ઢોળી શકાય ! કે ભાઈ કળિયુગ ને કારણે આપણે મનુષ્ય એક ઉત્તમ અવતાર હોવા છતાં દિવ્યતા અનુભવી શકતાં નથી! પણ આ પ્રશ્ન પર ચિંતન કરીને થોડું થોડું સ્વાવલોકન થાય તો એ સનાતની દિવ્યતાને મહેસુસ કરી શકાય છે. શક્તિ ઉપાસનાનાં દિવસોમાં કંઈક જુદું ચિંતન!

જીવ સૃષ્ટિમાં સૌથી ઉત્તમ એવો કોઈ જીવ હોય તો એ મનુષ્ય છે, અને એટલે જ તુલસીદાસજી એ તેને અવતાર કહ્યો છે. અન્ય જીવ કરતાં મનુષ્ય ઘણી બધી રીતે જુદો પડે છે, અને એમાં આપણે વૈજ્ઞાનિક રીતે જોઈએ તો કેન્દ્રિત શક્તિનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે, અને એ શક્તિ સાચી રીતે ક્રિયાન્વિત થાય તો એ સમગ્ર સૃષ્ટિના હિતનું વિચારીને ચાલે! અને એ રીતે એ મા પરમેશ્વરી ના વ્યાપને અનુભવીને એ દિવ્યતાને માણી શકે, અથવા એનાથી પ્રકાશિત થઈ શકે! પણ આપણે શક્તિનાં વ્યાપને અનુભવી શકતાં નથી, અથવા એ આયામ માં જઈ શકતા નથી! એનો સીધો અર્થ કરીએ તો આપણી શક્તિ સાચી દિશામાં ક્રિયાન્વિત થઈ નહીં.

મનુષ્યને રોજીંદુ જીવન જીવવા માટે કેટલીક શક્તિની જરૂર પડે છે, જેમ કે ક્રિયા અથવા કાર્ય માટે શારિરીક શક્તિ એટલે કે બળ ની જરૂર પડે છે, બીજું આ શક્તિ એવંમ બળને યોગ્ય રીતે વાપરવાનું આયોજન કરવા માટે બૌધ્ધિક શક્તિની જરૂર પડે છે! હવે આ બંને શક્તિનો ઉપયોગ ૫૦/%/ ૫૦% સમાંતર થવો જોઈએ તો મનુષ્ય નું સ્થૂળ અને સૂક્ષ્મ શરીર સરખી રીતે ક્રિયાન્વિત થાય અને કારણ શરીર સુધી શક્તિ પહોંચી શકે અને જેમ જેમ આ સમાતંરણ સ્થિર કક્ષાએ ચાલે એમ શક્તિ વલયનો એટલે કે દિવ્યતાનો પ્રાદુર્ભાવ થાય, અને જીવને એ પરમ ચેતના કે આદ્યશક્તિ ની શક્તિનો અંદાજ આવે કે જે સતત સૌનું મા જેમ પોષણ કરનારી છે, અને એની કૃપા ખુદ પર નિરંતર વરસી રહી છે, એવી ધન્યતા પણ લાધે!

હવે આજનાં યાંત્રિક યુગમાં શારિરીક શક્તિ એટલે શ્રમ કરવો કોઈને ગમતો નથી! અને માનવીય પરિશ્રમ ઘટતો જાય એવાં સાધનો નો આવિષ્કાર રોજબરોજ થતો જાય છે! અને શરીર શારિરીક રીતે થાકતું નથી એટલું માનસિક રીતે થાકે છે, કારણ કે એ બુદ્ધિ શક્તિ નો ગલત ઉપયોગ થઈ રહ્યો છે! અને જ્યાં શારિરીક શક્તિનો ઉપયોગ છે, એ પણ કોઈ શુભનું નહીં પણ લાભનું વિચારીને જ થાય છે! અને આમ બળ બુદ્ધિ બંન્નેનો ઉપયોગ યોગ્ય જગ્યાએ ન થતાં વિદ્યા આવતી નથી, એટલે કે હું કર્તા નથી એ જ્ઞાન લાધ્યું નહીં! અને શરીર વિધવિધ પ્રલોભનોમાં ફસાઈને પોતાની મૂળ શક્તિનાં સ્ત્રોતથી વિમુખ થઈ ગયું, એટલે આપણે સનાતની એટલે કે રામ કૃષ્ણનાં અંશ હોવા છતાં દિવ્યતાને મહેસૂસ કરી શકતાં નથી!

શારિરીક ઈન્દ્રિયોની રીતે શક્તિનું વર્ગીકરણ કરીએ તો હાથનું કાર્ય માત્ર ગ્રહણ કરવાનું નથી! આપવાનું પણ એનું કાર્ય છે! જે આપણે ભૂલી ગયા! ચરણની વાત કરીએ તો ગતિ તો આપણે ખૂબ કરી, છેક એકવીસમી સદી સુધી પહોંચ્યાં, પણ સામેવાળાના મન સુધી પહોંચ્યા નહીં! એટલે કે સનાતન ધર્મ એ શીખવેલ આચરણ કર્યું નહીં! આંખનું કાર્ય જોવું! એટલે કે દ્રષ્ટિ, કોઈનાં દુઃખ ન જોયાં પણ સુખ જોઈ દ્વેષ કર્યો, કે વિકાર ઉત્પન્ન થાય એવું જોયું! કાન નું કાર્ય શ્રવણ ! નિંદા કે જે ઘોર પાપ છે એ જ સાંભળી! વાણી, મનુષ્ય ને પશુ માં જે મુખ્ય તફાવત છે, એમાં વાણીનો સમાવેશ થાય છે, તો આપણે એ વરદાનનો દૂર ઉપયોગ કર્યો અને ગાલી ગલોચ કર્યું. આમ જાગૃત રહીને એકપણ શારિરીક ઈન્દ્રિયોને યોગ્ય માર્ગદર્શન આપી શક્યા નહીં! અને એટલે દરેક ઈન્દ્રિયો અત્યારે મનમાની કરે છે, જે ગઈકાલ સુધી પવિત્ર હતી, એ આજે બિભત્સ અને અશ્લીલતા માંથી પણ વિકૃત આનંદ લેતી થઇ ગઈ છે, અને વ્યભિચાર એનો આહાર થઈ ગયો હોય એમ એ એવું જ શોધે છે. ટૂંકમાં શારિરીક અને માનસિક શક્તિઓનો દૂર ઉપયોગ વધી ગયો છે! જે આપણને દિવ્યતા સુધી પહોંચવા દેતો નથી.

પરંતુ આપણે એમનાં વંશજ છીએ ! અને એ નાતે આપણો પણ મૂળ સ્વભાવ આ નથી! સત્ય આપણો સ્વભાવ છે, પ્રેમ આપણી અભિવ્યક્તિ છે, અને કરુણા આપણી ઓળખ છે, બસ શક્તિનાં મૂળ સ્ત્રોત સુધી પહોંચવા માટે આટલું જ કરવાનું છે! સત્ય બંને એટલું નજીક રહેવું એટલે કે આચરણમાં એને સ્થાન આપવું! વ્યવહારમાં પ્રેમને ઉદઘોષિત કરીને સૌની સાથે મૈત્રી પૂર્વકનું સાતત્ય જાળવી રાખવું, અને વિચારોમાં લાભની બદલે શુભનું સ્થાપન કરી પ્રત્યેકના હિતને પ્રાધાન્ય આપવું! પછી જુવો એ શક્તિનાં આયામનો વ્યાપક વ્યાપ! જેમાં રેલાઈ રહ્યો છે માત્ર દિવ્ય પ્રકાશ અને એની ઉજ્જવળતા નું એકત્રિકરણ! જે શક્તિ સતત આપણને સંબોધી રહી છે કે, હું તારી સાથે છું! અથવા મારાંમાં ઓગળીને આ પ્રકાશનો હિસ્સો બની જા! તો આપણે સૌ આપણી શારીરિક અને બૌદ્ધિક શક્તિનો સદ ઉપયોગ કરીને દિવ્યતા સુધી પહોંચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી જાહેર : ૧૦૬ને સ્થાન

## રાજકોટના જૂના જોગીઓને મળ્યું સ્થાન : વજુભાઈ વાળા, ગોવિંદભાઈ પટેલ, ધનસુખ ભંડેરી, અરવિંદભાઈ રૈયાણી, કમલેશભાઈ મીરાણી, ભાનુબેન બાબરિયા, કશ્યપભાઈ શુક્લ અને રાજુભાઈ ધ્રુવનો સમાવેશ



રાજકોટ, તા. ૧૯

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સૂચવેલા નવા સંગઠન માળખામાં ૧૦૬ સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે જેમાં ૭૯ કારોબારી સભ્યો તેમજ ૨૬ વિશેષ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તથા પ્રદેશ હોદ્દેદારો સહિતના કુલ ૧૦૬ લોકોની પ્રદેશ કારોબારી હોય છે. ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. પ્રદેશ પ્રવકતા ડો.અનિલભાઇ પટેલે જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્મા દ્વારા પ્રદેશ કારોબારી સભ્યોની તેમજ પ્રદેશ વિશેષ આમંત્રીત સભ્યોની સંગઠનાત્મક નિમણુંકોની જાહેરાત કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતા ડો. પટેલે જણાવ્યું હતુ કે, ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તેમજ પ્રદેશ હોદ્દેદારો સહિતના માળખામાં ૧૦૬ સભ્યોને સ્થાન અપાયું છે. જેમાં ૭૯ કારોબારી તેમજ ૨૬ વિશેષ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રદેશ હોદ્દેદારોની અગાઉ જાહેરાત કરી દેવામાં આવી છે અને પ્રદેશ કારોબારીના બાકી રહેતા સભ્યોની સંગઠનાત્મક નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ વિશેષ આમંત્રીત સભ્યની પણ ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્મા દ્વારા નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ કારોબારીમાં વિશેષ આમંત્રિત સભ્યોમાં ભાજપના જૂના જોગીઓને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેરમાં વજુભાઈ વાળા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ(મહેસાણા),ભાવનગર શહેરમાં રાજેન્દ્રસિંહ રાણા, અમરેલીમાં પરશોત્તમભાઈ રૂપાલા, જામનગર જિલ્લામાં આર. સી. ફળદુ, અમદાવાદ જિલ્લામાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કર્ણાવતીમાં સુરેન્દ્રભાઈ પટેલ, ગોરધનભાઈ ઝડફિયા, પ્રદિપસિંહ જાડેજા, નરહરિભાઈ અમીન સહિત ૨૬ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# કામધંધો કરવાનું કહેતાં કપાતરે જનનીનો લીધો જીવ

## માતાને ખંજરના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી, હત્યારો દિકરો ભાગે એ પહેલા પોલીસે દબોચી લીધો

રાજકોટ, તા. ૧૯

મા તે મા બીજા વગડાના વા આ કહેવત અનુસાર જ માતા પોતાના સંતાનો માટે મરી મીટવા પણ તૈયાર રહેતી હોય છે. સંતોના ઉછેર માટે માતા સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. પોતાના સંતાનો પ્રગતી કરે એવુ દરેક માતા ઇચ્છતી હોય છે. પરંતુ ઘણીવાર સંતાનો એવા ક્રુર બની જતાં હોય છે કે તે પોતાની જ જનીનો જીવ લઇ લેતાં હોય છે! આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક કપાતરે પોતાની માતાની ક્રુર હત્યા કરી નાંખી છે. કામધંધો ન કરી બેકાર રખડતાં આ શખ્સને તેની માતાએ કામે જવા બાબતે ઠપકો આપતાં તે રોષે ભરાઇ ગયો હતો અને ખંજરથી તૂટી પડ્યો હતો. ખભા પર માતાને ખંજરના ઘા મારી દીધા હતાં જે જીવલેણ નીવડ્યા હતાં.



વિગતો પર નજર કરીએ તો સુરત વેડરોડ વિસ્તારમાં બત્રીસ વર્ષીય અવિનાશ સાળીએ પોતાની જ સતાવ વર્ષીય માતા ચંદ્રકલાબેનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. હત્યા પાછળનું મુખ્ય કારણ એ હતું કે, અવિનાશ છેલ્લા બે વર્ષથી કોઈ કામધંધો કરતો નહોતો. જ્યારે તેની માતા અને મોટા ભાઈ તેને ઘર ચલાવવા માટે નોકરી કરવાનું કહેતા, ત્યારે તે ઉશ્કેરાઈ જતો હતો. બપોરે જમવાનું બનાવવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં અવિનાશે તેની માતાના ડાબા ખભાના ભાગે જીવલેણ હુમલો કરી દીધો હતો, જેના કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. જોકે ચોક બઝાર પોલીસે આરોપી પુત્ર ભાગી જાય એ પહેલા જ તેની ધરપકડ કરી લીધી હતી.

વધુ માહિતી અનુસાર વેડરોડની લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા આ પરિવારમાં લાંબા સમયથી કંકાસ ચાલતો હતો. મૃતક ચંદ્રકલાબેનનો મોટો પુત્ર રાજેશ હીરાના કારખાનામાં મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવતો હતો, પરંતુ નાનો પુત્ર અવિનાશ સાવ નવરો બેસી રહેતો હતો. માતા વારંવાર તેને ટોકતી હતી કે કંઈક કામ કર અને પૈસા ઘરે આપ. આ શિખામણ અવિનાશને એટલી હદે કડવી લાગી હતી કે તેણે અગાઉ પણ ધમકી આપી હતી કે જો તેને કામ કરવાનું કહેશો તો તે મર્ડર કરી નાખીશ. આ મુદ્દે ઘરમાં મોટો ઝઘડો થયો હતો, જે આજે લોહીયાળ અંજામમાં ફેરવાઈ ગયો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ બપોરના સમયે જ્યારે ઘરમાં મોટો પુત્ર હાજર નહોતો, ત્યારે અવિનાશે જમવા બાબતે માતા સાથે ફરી રકઝક કરી હતી. આ દરમિયાન આવેશમાં આવી જઈને તેણે તીક્ષ્ણ હથિયાર કાઢી માતાના ખભાના ભાગે જોરથી મારી દીધું હતું. હુમલો એટલો ભયાનક હતો કે ચંદ્રકલાબેનનું લોહી વહેવા માંડ્યું હતું. પાડોશીઓએ તેમને બચાવવા -યાસ કર્યો અને ૧૦૮ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા, પરંતુ સારવાર મળે તે પહેલા જ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આરોપી અવિનાશ છેલ્લા બે વર્ષથી કામ પર જવાનું નામ લેતા જ ઘર છોડીને ભાગી જતો હતો અને ક્યારેક એક અઠવાડિયા સુધી ગુમ રહેતો હતો. તેની આ આદતથી પરિવાર પરેશાન હતો, પણ તે સગી જનેતાનો જીવ લેશે તેવી કલ્પના કોઈએ કરી નહોતી. પાડોશમાં રહેતા કવિતાબેને જણાવ્યું કે, હુમલો કર્યા બાદ અવિનાશ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. હીરાના કારખાનામાં કામ કરતા મોટા ભાઈ રાજેશને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે અવિનાશે મર્ડર કરવાની ધમકી આપી દીધી હતી. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતુ કે જો કામ બાબતે ઝઘડો કરશો તો હું તારું કે માતાનું મર્ડર કરી નાખીશ. બપોરે જમવાનું બનાવવાની તકરાર માત્ર એક નિમિત્ત બની હતી, અસલી ગુસ્સો તો માતા દ્વારા અવારનવાર મળતા કામધંધાના ઠપકાનો હતો. પોલીસે હાલમાં રાજેશ સાળીની ફરિયાદ નોંધીને ફરાર આરોપી અવિનાશની ધરપકડ કરી હતી. આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

### લોકોને જાગૃત કરવા સાયબર ક્રાઇમ પોલીસની સતત મહેનત વચ્ચે વધુ એક ફ્રોડ

# APK ફાઇલ મોકલી નિવૃત અધિકારીના ૨૦ લાખ ઉસેડ્યા

## ગઠીયાઓએ વ્હોટ્સએપ ગ્રુપમાંથી નંબર હેક કરી લીધોઃ આરટીઓનું ચલણ મોકલી પાણી પુરવઠા બોર્ડના નિવૃત અધીકારીને છેતરી લેવાયાઃ બીજી તરફ કાપડના વેપારીઓ સાથે અઢી કરોડની છેતરપીંડીઃ એક ગઠીયાને ઝડપી લેવાયો

રાજકોટ, તા. ૧૯

વધુ એક વખત ગઠીયાઓ ઇ-ચલણના નામે એપીકે ફાઇલ મોકલી વીસ લાખ પડાવી ગયા છે. વ્હોટ્સએપ ગ્રુપમાં એક મેમ્બરનો મોબાઇલ નંબર હેક કરી બાદમાં ગ્રુપમાં એપીકે ફાઇલ મોકલી આ ફ્રોડ કરાયું હતું. બીજી તરફ કાપડના ત્રણ વેપારીઓ પાસેથી બાકીમાં અઢી કરોડથી વધુનો માલ લઇ લીધા બાદ પૈસા ન ચુકવી અન્ય વેપારીએ ચુનો લગાવી દીધો હતો. આ કિસ્સામાં પોલીસે આરોપીને ખાટુશ્યામ ખાતેથી પકડી લઇ કાર્યવાહી કરી હતી.




પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો અમદાવાદમાં આ ઘટના બની છે. વોટ્સ એપ ગ્રૂપમાંથી એક મેમ્બરનો ફોન હેક કરીને ગ્રૂપમાં જ આરટીઓ ઈ-ચલણના નામે એપીકે ફાઇલ મોકલીને ગઠિયાએ પાણી પુરવઠા બોર્ડના નિવૃત્ત અધિકારી પાસેથી રૂ. ૨૦.૦૫ લાખ પડાવ્યા હતા. ફાઈલ ઓપન કરતાં જ ફોનમાં એમ-પરિવહન નામની એપ્લિકેશન ખુલી ગઈ હતી. ત્યાર બાદ સાઈબર ગઠિયાઓએ ૫ ટ્રાન્ઝેક્શનથી પૈસા પડાવી લીધા હતા. નિકોલમાં વેદાન્ત ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ રહેતા અશોકભાઈ વનરા કે જેઓ ત્રેસઠ વર્ષના છે અને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાંથી ૨૦૨૧માં નિવૃત્ત થયા છે. અશોકભાઈ છોટા ઉદેપુર સ્પોર્ટ નામના એક વોટ્સ એપ ગ્રૂપમાં છે. તે ગ્રૂપના મેમ્બર દિનેશભાઈનો નંબર ડીએસડીઓ નામથી સેવ કરેલો હતો.

તે નંબર પરથી ગ્રૂપમાં નવમીએ એક એપીકે ફાઇલ આવી હતી. જ્યારે તે જ નંબર પરથી તેમના બીજા વોટ્સએપ ગ્રૂપ નસાવાડી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં પણ એક એપીકે ફાઈલ આવી હતી. તે ફાઈલ અશોકભાઈએ જોતાં તે ફાઈલ આરટીઓ ઈ-ચલણ. એપીકે નામની હતી. જોકે બીજા દિવસે દસમીએ તેમણે તે ફીલ ફરીથી જોતાં તેમનું જૂનું કોઈ આરટીઓનું ચલણ ભરવાનું બાકી હશે, તેવું માનીને તેમણે તે ફાઈલ ઓપન કરતાં ફાઈલ તેમના ફોનમાં ડાઉનલોડ થઈ હતી. તે ફાઈલ અશોકભાઈએ ઓપન કરીને જોતાં એમ-પરિવહન નામની એપ્લીકેશન ખૂલી હતી.

જ્યારે બે દિવસ પછી અશોકભાઈ ફોનમાં બૅન્ક બેલેન્સ ચેક કર્યું તો રૂ. ૨૦ લાખ જેટલું બેલેન્સ ઓછું હતું. જેથી તેમણે બેંકમાં જઈને તપાસ કરી તો તેમના એકાઉન્ટમાંથી પાંચ ટ્રાન્જેકશનથી રૂ.૨૦.૦૫ લાખ ઉપડી ગયા હતા. જેથી આ અંગે અશોકભાઈએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે દિનેશભાઈએ ગૃપમાં ફાઈલ મોકલી હોવાથી અશોકભાઈએ તેમને ફોન કરીને પૂછતા દિનેશભાઈએ કહ્યું હતુ કે તેમનો જ ફોન કોઈએ હેક કરી દીધો છે. આથી તેમને ઠગાઇની ખબર પડી હતી.

બીજી તરફ અમદાવાદના ત્રણ કાપડના વેપારીઓ સાથે ઠગાઇ થઇ હતી. કાપડના વેપારીઓ ઉધારીમાં ધંધો કરી રહ્યાં છે પરંતુ હવે છેતરપિંડીના કિસ્સાઓમાં વધારો થયો છે. કાપડના વેપારીઓ સાથે બની રહેલી ઘટનાઓને લઇને શહેરનું વર્ષો જૂનું મસ્કતી કાપડ મહાજન અનેક પ્રયાસોના કારણે મોટા પાયે અંકૂશ લાવ્યા છે. તાજેતરમાં શહેરના ત્રણ કાપડના વેપારીઓના રૂ. ૨.૬૪ કરોડનો માલ લઇને દિલ્હીનો વેપારી રકમ આપતો ન હોતો. મહાજને રાખેલા ખાસ જાસૂસોની મદદ અને આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ થતા તેને ખાટુ શ્યામથી ધરપકડ કરી લેવામાં આવી છે. દિલ્હીમાં ગાંધીનગર કાપડ માર્કેટમાં નંદપ્રિયા ફેબ્રિક્સ નામની પેઢી ચલાવતા ડાયરેકટર સંજય પાંડે અને નિરૂપમાં પાંડે શહેરના સારંગપુર ખાતે શ્રીજી કલોથ માર્કેટમાં કનોડીયા નામથી ડેનિમનું કામ કરતા નિરવ મહેન્દ્રભાઇ કનોડિયા પાસે માલની ખરીદી કરવા આવ્યા હતા.

સંજય પાંડે ડેનીમના માલની ખરીદી કરીને પેમેન્ટ આપતા હતા. ટુકડે ટુકડે રૂ. ૮.૩૪ કરોડના કાપડની ખરીદી કરીને રૂ. ૬.૭૬ કરોડની રકમ ચુકવી આપી હતી. જ્યારે રૂ. ૧.૫૮ કરોડની રકમ તેમની બાકી આપતો ન હોતા. જેને લઇને નિરવ કનોડિયાએ મસ્કતી કાપડ મહાજનમાં ફરિયાદ કરી હતી. મસ્કતી કાપડ મહાજનના પ્રમુખ ગૌરાંગ ભગતે જણાવ્યું કે, લવાદ કમિટીમાં ઉપસ્થિત રહેવા અનેક વખત નોટીસ આપવા છતાં સંજય પાંડે હાજર રહેતા ન હોતા. અંતે મહાજને દિલ્હીના વેપારી સામે આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ કરાવડાવી હતી.

આ ફરિયાદ બાદ શહેરના અન્ય વેપારી નારોલના કલારિધાન ટ્રેન્ડસ લીના માલીક આદિત્ય નિરંજન અગ્રવાલના રૂ. ૭૪. ૧૫ લાખ અને સુમેલ બીઝનેશ પાર્ક-૧માં આવેલી એસ.આર.ડી. ટેક્સટાઇલ મીલ્સના માલીક રમેશભાઇ તાયલે રૂ. ૩૧. ૮૫ લાખની ફરિયાદ નોંધાવી હતી. આમ કુલ રૂ. ૨.૬૪ કરોડનું સંજય પાંડે ફુલેકું ફેરવીને ભાગતો ફરતો હતો. તાજેતરમાં પોલીસને મળેલી માહિતીના આધારે તેને ખાટુશ્યામથી પકડી લઇ કાર્યવાહી કરી હતી.

### વિદેશમાં નોકરી કરી પૈસાદાર બનવાના સપના જોનારાને લાગ્યો ચૂનો

# ઇજનેર સહિત આઠ વર્ક પરમીટના નામે છેતરાયા

## મલેશીયા-સિંગાપોરના વિઝા-નોકરીના નામે ગઠીયા લેભાગુ એજન્ટોએ સાડા અગીયાર લાખ ખંખરી લઈ વિઝાને બદલે બતાવી દીધો ઠેંગો

રાજકોટ, તા. ૧૯

વિદેશમાં નોકરી અને વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે વધુ એક ઠગાઇ થઇ છે. જેમાં ગઠીયાઓએ આઠ યુવાનોને છેતરીને લાખો પડાવી લીધા છે. બીજી તરફ દાગીના ચમકાવવાના બહાને આવેલા ગઠીયા દંપતિને છેતરી સોનાના દાગીના લઇ ભાગી ગયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો જામનગર નજીક સિક્કામાં રહેતા એક ઇજનેર સહિત કુલ આઠ યુવાનો વિદેશમાં ચા પગારે નોકરી મેળવવાની લાયમાં છેતરપિંડીનો શિકાર બન્યા છે. અને ખંભાળિયા પંથકના એક શખ્સ દ્વારા તમામ વ્યક્તિ પાસેથી રૂપિયા સાડા અગિયાર લાખ જેવી રકમ પડાવી લઇ નોકરી નહીં અપાવી છેતરપિંડી કરી હોવાથી સિક્કા પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવાઇ હતી. જામનગર તાલુકાના સિક્કામાં રહેતા એક ખાનગી કંપનીમાં હાલ ક્રેઇન ઓપરેટર તરીકે નોકરી કરતા ચિરાગ નરેશભાઈ પરમાર નામના અઠ્ઠાવીસ વર્ષના ઈજનેર યુવાને પોતાની સાથે વિદેશમાં નોકરી આપવાના બહાને છેતરપિંડી કરવા અંગે મયુરભાઈ ઉર્ફે માયુ પુંજાભાઈ મસુરા નામના ખંભાળિયા તાલુકાના પરોડીયા ગામના એક શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

તેણે પોતાની તેમજ તેની સાથેના અન્ય સાત વ્યક્તિની કુલ ૧૧.૫૬ લાખની રકમ મેળવી લીધા બાદ નોકરી નહીં અપાવી હાથ ખંખેરી લીધાનું ફરિયાદમાં જાહેર કરાયું છે, જે આરોપીને પકડવા માટે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જામનગરમાં નજીક સિક્કામાં વૃંદાવન સોસાયટીમાં રહેતો ચિરાગ નરેશભાઈ પરમાર નામનો યુવાન કે જે પોતાના અંકલેશ્વરમાં રહેતા સંબંધીના સંપર્કમાં આવ્યા બાદ મલેશિયા અને સિંગાપોરમાં રૂપિયા સવા લાખના પગારે નોકરી માટે જવું હોય તો તેણે ખંભાળિયા તાલુકાના પરોડીયા ગામના મયુરભાઈ ઉર્ફે માયુ પુંજાભાઈ મથુરાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. જેના સંપર્ક કરતાં ટેલિફોનિક વાતચીત થયા બાદ નોકરીમાં જવું હોય તો રૂપિયા સાડા ત્રણ લાખ આપવા પડશે તો હું તમારૂં બધું ગોઠવી દઈશ તેવું ખંભાળિયા ના શખ્સ દ્વારા જણાવાયું હતું.




હજુ પણ જુના નુસ્ખાથી ફ્રોડ યથાવતઃ દાગીના સાફ કરવાના નામે ગઠીયા દંપતિના સોનાના દાગીના બઠ્ઠાવી છૂમંતર થયા

પરંતુ આટલી મોટી રકમ ચિરાગ પરમાર ગોઠવી શકે તેમ ન હોવાથી તેને રસ્તો બતાવ્યો હતો, અને ખંભાળિયાના શખ્સ દ્વારા અન્ય યુવાનોને પણ શોધવા જણાવ્યું હતું. જો સંખ્યા વધારે હશે તો રકમમાં ઘટાડો કરીને દોઢ લાખમાં બધાનું સેટિંગ કરી આપીશ તેવું -લોભન આપ્યું હતું, અને એક પછી એક કુલ ૮ વ્યક્તિઓ જોડાયા હતા, અને તમામે એકત્ર થઈને રૂપિયા ૧૧.૫૬.૪૦૦ની રકમ આપી દીધી હતી. ગત જુન માસમાં આ રકમ આપ્યા બાદ સાત મહિના જેટલો સમયગાળો વીતી જવા છતાં કોઈપણ -કારની નોકરી અથવા વિદેશ જવાની વ્યવસ્થા ગોઠવી નહીં આપી તમામના નાણા પચાવી પાડયા હતા. જેથી સિક્કા પોલીસ મથકમાં આ પોલીસ ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદના અનુસંધાને સિક્કા પોલીસે તપાસનો દોર ખંભાળિયા સુધી લંબાવ્યો હતો.

બીજી તરફ વધતી જતી ટેકનોલોજી વચ્ચે પણ છેતરપિંડીની જૂની પદ્ધતિઓ આજે પણ કારગત નીવડી રહી છે. છોટા ઉદેપુર જિલ્લાના બોડેલીમાં દાગીના ચમકાવવાના બહાને એક વૃદ્ધ દંપતીની નજર સામે જ સોનાના દાગીના ગાયબ કરી દેવાની ઘટના સામે આવી છે. બોડેલીના અલીપુરા વિસ્તારમાં આવેલ ગંગા નગરમાં રહેતા નિવૃત શિક્ષક દંપતી છેતરપિંડીનો ભોગ બન્યા છે. વૃદ્ધ દંપતીને ઘરે એકલા જોઈને ઠગ ટોળકીનો એક ગઠિયો તેમના ઘરે પહોંચ્યો હતો. વિશ્વાસ જીતવા માટે તેણે સૌ -થમ તાંબાનો લોટો અને ઝાંઝર ચમકાવી બતાવ્યા હતા. જ્યારે દંપતીને તેની વાત પર ભરોસો બેઠો, ત્યારે તેણે સોનાની બંગડીઓ સાફ કરવાની ઓફર કરી હતી. ભોગ બનનારના પુત્ર નિમેષ પટેલના જણાવ્યા અનુસાર, ગઠિયાએ એક વાટકીમાં હળદર જેવું દ્રાવણ બનાવી તેમાં ત્રણ તોલા સોનાની બંગડીઓ મુકાવી હતી. નજર ચૂકવીને આ ગઠિયો દાગીના ચોરીને ત્યાંથી પલાયન થઈ ગયો હતો. હાલ બોડેલી પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ પ્રકારની મોડસ ઓપરેન્ડીના કિસ્સાઓ અવારનવાર સમાચાર માધ્યમોમાં ચમકતા રહે છે. પોલીસ દ્વારા પણ વારંવાર સૂચના આપવામાં આવે છે કે અજાણ્યા વ્યક્તિ પાસે દાગીના સાફ ન કરાવવા, છતાં લોકો આવા લેભાગુ તત્વોની માયાજાળમાં ફસાઈ જાય છે. ગઠિયાઓ ખાસ કરીને વૃદ્ધોને નિશાન બનાવે છે જેઓ ઘરે એકલા હોય છે. ઘરે આવીને દાગીના કે વાસણ ચમકાવવાની વાત કરતા વ્યક્તિને ક્યારેય ઘરમાં પ્રવેશવા ન દેવો. સોનાના દાગીના સાફ કરવા માટે કોઈ જાદુઈ પાવડર હોતો નથી, તે કેમિકલથી સાફ થાય છે જેમાં સોનું ઓગળવાનું જોખમ રહેલું છે.ગઠિયાઓ વાતોમાં પરોવીને તમારી નજર સામે જ દાગીના બદલી નાખે છે અથવા દ્રાવણમાં ઓગાળી દે છે, માટે આવી પ્રક્રિયા ઘરે ક્યારેય ન કરવી. સોસાયટીમાં કે ઘરની બહાર કોઈ શંકાસ્પદ ફેરિયા કે વ્યક્તિ ફરે તો તાત્કાલિક પડોશીઓને જાણ કરો. જો કોઈ વ્યક્તિ આવી લાલચ આપે તો તરત જ નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી જેથી બીજા કોઈ ભોગ ન બને.

### ન તો પોતે દર્દી હતાં, ન તો કોઇ દૂર દૂરના સગા અહિ દાખલ હતાં...તો'ય એ અહિ હજાર હતાં

# સિવિલમાં પડ્યા-પાથર્યા રહેતા તત્વોને હાંકી કાઢયા

## સિક્યુરીટીની ટીમો વારંવાર નશાખોરો, ખિસ્સાકાતરૂઓને પકડી પોલીસને સોંપે છેઃ આ વખતે પોલીસ પોતે જ ઓચીંતી ત્રાટકી ગઇઃ નિયમીત આવું ચેકીંગ કરવા હોસ્પિટલ વર્તુળોની માંગણી







રાજકોટ, તા. ૧૯

શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલ કે જ્યાં માત્ર રાજકોટ જ નહિ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાંથી દર્દીઓ, તેમના સગાઓ સારવાર નિદાન માટે આવે છે. અહિ સુરક્ષાને લઇને સિક્યુરીટી ટીમો ઉપરાંત નિવૃત આર્મી મેન તૈનાત હોય છે. આ કારણે આવારા તત્વો પર હમેંશા નજર રહેતી હોય છે. આમ છતાં અમુક તત્વો કારણ વગર જ હોસ્પિટલ કમ્પાઉન્ડને જાણે હરવા ફરવાનું સ્થળ હોય એમ સમજીને પડ્યા રહે છે અને તક મળે ત્યારે ગુનો આચરી લે છે. આવા તત્વો પર પ્ર.નગર પોલીસે ઓચીંતી ઘોંસ બોલાવી હતી. અનેક એવા મળ્યા હતાં જે પોતે તો બીમાર નહોતા, તેના દૂર દૂરના કોઇ સગા પણ અહિ નહોતાં. પોલીસે અહિ ઉપસ્થિતિનું કારણ પુછતાં આવા તત્વોએ બસ એમ જ અમે તો આવ્યા'તા! એવા જવાબો આપતાં તેને કડક ચેતવણી આપી બહાર કાઢી મુકાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરની સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જાણે બગીચો હોય એ રીતે અમુક શખ્સો પડ્યા પાથર્યા રહે છે. મફતમાં જમવાનું અને ગમે ત્યાં સુઇ રહેવાનું મળી રહેતું હોઇ અનેક એવા તત્વો હોય છે જે અહિ ખાઇ-પી પડ્યા રહે છે અને તક મળે ત્યારે ખિસ્સા કાપવા, મોબાઇલ ફોન ચોરવા કે પછી બીજી ગુનાહીત પ્રવૃતિનો પ્રયાસ કરી લેતાં હોય છે. આવા તત્વોને શોધીને હાંકી કાઢવાની કાર્યવાહી પ્ર.નગર પોલીસ દ્વારા કરવામાં આવી હતી. કમ્પાઉન્ડમાં ઠેકઠેકાણે પોલીસે કોમ્બીંગ કર્યુ હતું અને વોર્ડ આસપાસ પણ તપાસ કરી હતી. જેમાં પંદરેક શખ્સો એવા મળી આવ્યા હતાં જે ન તો પોતે દર્દી હતાં કે ન તો તેના કોઇ સગા અહિ દાખલ થયા હતાં.

આ શખ્સોની પોલીસે પૃછા કરતાં મોટા ભાગનાએ અમે તો અમસ્તા અહિ બેઠા છીએ, અમે તો એમ જ સુતા છીએ એવા જવાબો દીધા હતાં. આવા શખ્સોની પોલીસે જીણવટભરી પુછતાછ કરી હતી અને હોસ્પિટલના દરવાજાની બહાર નીકળી જવા અને બીજીવાર કારણવગર અહિ પગ નહિ મુકવા કડક શબ્દોમાં ચેતવણી આપી હતી. હોસ્પિટલ કેમ્પસમાં, હોસ્પિટલ અંદર અવાર-નવાર મોબાઇલ ફોનની ચોરી થવી, નશાખોરોના આટાફેરા, વાહનચોરી થવી જેવી ફરિયાદો ઉઠતી રહે છે. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં પણ સુરક્ષાને લઇને સવાલો થયા હોઇ ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇની રાહબરીમાં પ્રદ્યુમનનગરના પોલીસ ઇન્સ. વી.આર. વસાવા, પીએસઆઇ જે. બી. રાણીંગા, એમ. જે. વરૂ, એએસઆઇ પ્રવિણભાઇ, કોન્સ. રીયાઝભાઇ, વિશ્વજીતસિંહ, ચાંપરાજભાઇ, તૌફિકભાઇ મંધરા, તૌફિકભાઇ જુણાચ, પ્રતાપભાઇ, વનરાજભાઇ, જયપાલભાઇ સહિતની ટીમે કોમ્બીંગ કર્યુ હતું.

પંદરેક શખ્સો એવા મળ્યા હતાં જે કોઇપણ કારણ વગર હોસ્પિટલ કેમ્પસમાં જાણે બગીચો હોય તેમ ધામા નાંખીને પડ્યા હતાં. આ તમામને બહાર કઢાયા હતાં. અમુક વાહનચાલકો પણ મળ્યા હતાં, જે અમસ્તા જ અહિ લટાર મારવા આવ્યા હતાં! ઉલ્લેખનીય છે કે અવાર-નવાર સિક્યુરીટીની ટીમો દ્વારા નશાખોરો, શકમંદો, પાકીટમારો, મોબાઇલ ઉઠાંતરી કરતાં તત્વોને શોધી કાઢવામાં આવતાં હોય છે અને પોલીસને સોંપવામાં આવતાં હોય છે. પોલીસ જે તે વખતે કાર્યવાહી કરતી હોય છે. પરંતુ આજે પોલીસે જ કોમ્બીંગ કરીને આવા તત્વોને શોધી કાઢ્યા હતાં અને પુછપરછ કરી હતી. પોલીસની આ કાર્યવાહી વખતે રોગી કલ્યાણ સમીતીના રાજાભાઇ ચાવડા સહિતના પણ જોડાયા હતાં. પોલીસ ક્યારેક નહિ સમયાંતરે આ પ્રકારનું ચેકીંગ કરતી રહે તે જરૂરી હોવાનું હોસ્પિટલ વર્તુળોનું કહેવું છે.

### નહિ જેવી વાતો લોકો વહાવી દે છે એકબીજાના લોહી

# ગુટખા ખાવાની બબાલમાં આધેડની ક્રુર હત્યા

## યુવાનને બે શખ્સ સાથે માથાકુટ થતાં મદદ માટે તેણે કાકાને બોલાવ્યાઃ યુવાનની નજર સામે જ તેના કાકાને પતાવી દેવાયા

રાજકોટ, તા.૧૯

નહિ જેવી વાતે લોકો એક બીજાને મોતને ઘાટ ઉતારી દેતાં હોય છે. હત્યાની વધુ એક આવી ઘટના બની છે. જેમાં ગુટખા ખાવા જેવી વાતે ભત્રીજાની નજર સામે કાકાની હત્યા થઇ ગઇ હતી. પોલીસે ગણતરીના સમયમાં બે હત્યારા ગામ મુકે ભાગે એ પહેલા પકડી લીધા હતાં. વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં માત્ર ગુટખા ખાવા જેવી નાની બાબતે થયેલા ઝઘડામાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આરોપી કમલાકાર ઉલે અને યસ શિંદે ગુટખા ખાવા બાબતે અન્ય લોકો સાથે ઝઘડો કરી રહ્યા હતા. આ દરમિયાન ફરિયાદી રાહુલ પાટીલ વચ્ચે પડી ઝઘડો શાંત કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદમાં લોહિયાળ સંઘર્ષમાં ફેરવાઈ ગયો હતો. ઝઘડા દરમિયાન જ્યારે રાહુલ પાટીલે તેના કાકા રામકૃષ્ણ પાટીલને મદદ માટે બોલાવ્યા ત્યારે બંને આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

આ વિવાદ ત્યાં જ ન અટક્યો. થોડીવાર પછી જ્યારે મૃતક રામકૃષ્ણ પાટીલ અને રાહુલ પોતાના ઘરે પહોંચ્યા ત્યારે બંને આરોપીઓ સજ્જ થઈને ચપ્પુ સાથે તેમના ઘરે ધસી આવ્યા હતા. આવેશમાં આવીને આરોપીઓએ રામકૃષ્ણ પાટીલ પર ચપ્પુના ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે રામકૃષ્ણ પાટીલ પર હુમલો થયો ત્યારે તેમને બચાવવા માટે રાહુલ પાટીલ ફરી વચ્ચે પડ્યો હતો. આ હુમલામાં આરોપીઓએ રાહુલને પણ ચપ્પુના ગંભીર ઘા માર્યા હતા અને ત્યારબાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ટૂંકી સારવાર બાદ રામકૃષ્ણ પાટીલનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું, જ્યારે રાહુલ પાટીલ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ હત્યાના બનાવને પગલે ડીંડોલી પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી બંને આરોપીઓ, કમલાકાર ઉલે અને યસ શિંદેની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યા અને હત્યાના -યાસનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને બંને આરોપીઓની ધરપકડ કરી હતી.આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી.

### વધુ એક વખત મકાન વાંચ્છુઓ બની ગયા ગઠીયાગીરીનો શિકાર

# આવાસના નામે નવ લોકોના સાડા પાંચ લાખ ચાઉં

## ગઠીયો અને તેની આસીસ્ટન્ટ મહિલાને શોધી રહી છે પોલીસની ટીમ




રાજકોટ, તા.૧૯

વધુ એક વખત આવાસના નામે ઠગાઇ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આવાસ અપાવવાના બહાને શહેરની ૯ મહિલા સહિત ૯ જણા પાસેથી રૂ.૫.૫૯ લાખ પડાવી લઇ છેતરપિંડી કરનાર ઠગ અને તેની આસિસ્ટન્ટ મહિલા સામે અડાજણ પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. પાલનપુર પાટીયા ગંગાનગર સોસાયટીમાં રહેતા જાગૃતિબેન કિનખાબવાલાનો ૨૦૨૩માં તેમના ભાઇના મિત્રની પત્નિ ઝરણા જરીવાલા સાથે સંપર્ક થયો હતો. ઝરણાએ તેમને કહ્યું હતુંકે,મારા સાહેબ જીતેન્દ્ર મયેકર -ધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવે છે. રૂ.૩૫ હજાર ભરવાના રહે છે. તેમજ બાકીની લોન કરાવી આપવાનું કહ્યું હતું.

આ પછી જાગૃતિબેને ઝરણા મારફતે જીતેન્દ્રને ડોક્યુમેન્ટ્સ આપી ૮૪,૧૦૦ ચૂકવ્યા હતા. જાગૃતિબેને વાત કરતાં તેમના સગા વૈશાલી તમાકુવાલાએ ૬૫,૭૦૦, રીટા તમાકુવાલાએ રૂ.૭૦,૯૦૦, છાયા મિસ્ત્રીએ રૂ.૭૧,૦૦૦, ઉષા દાળવાલાએ ૭૧,૦૦૦, પ્રતિભા જરીવાલાએ રૂ.૭૫,૩૦૦, સંદિપ તમાકુવાલા રૂ.૪૦,૦૦૦, અસ્મિતા રાણાએ રૂ.૫૪,૨૦૦ તથા પુજા ગોળવાલાએ રૂ.૨૬,૬૦૦ મળીને કુલ ૫,૫૯ લાખ ઝરણા મારફતે જીતન્દ્રને આપ્યા હતા. આ પછી ડ્રોમાં આ ૯ પૈકીના કોઇને પણ આવાસ ફાળવાયું ન હતું.

આ અંગે તપાસ કરતા બંનેએ આવાસના નામે પૈસા પડાવ્યા હતા. રૂપિયા પરત નહીં આપતા બંને સામે અડાજણ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આવાસ અપાવવાની લાલચ આપીને જીતેન્દ્રએ જાગૃતિબેનનો વિશ્વાસ કેળવી લીધો હતો. બાદમાં પોતાની બેંગકોકમાં હોટલ છે તમારા દિકરાને મેનેજર તરીકે નોકરી આપવાનું કહીને રૂ.૨૭,૫૦૦ તથા તેમના પતિને સુરત એરપોર્ટમાં નોકરી લગાવી આપવાનું કહીને રૂ.૮,૬૦૦ પડાવી લીધા હતા.

# ગૂમ થયેલા યુવાનની કૂવામાંથી મળી લાશ

## મેટોડાનો બનાવઃ મુળ બિહારના યુવાને આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું? તે અંગે તપાસનો ધમધમાટ

રાજકોટ, તા.૧૯

એક રહસ્યમય મોતની ઘટના બની છે. જેમાં રાજકોટના મેટોડામાં રહેતો મુળ બિહારનો યુવાન ચાર દિવસ પહેલા ગૂમ થઇ જતાં પોલીસને જાણ કરાઇ હતી. દરમિયાન આ યુવાનની લાશ મેટોડામાં કારખાના પાછળ આવેલી વાડીના કૂવામાંથી કોહવાયેલી, ફુલાયેલી હાલતમાં મળી આવતાં ચકચાર મચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો મેટોડા ગેઇટ નં. ૩ પાસે કંપનીના ક્વાર્ટરમાં રહેતો મોહમ્મદ ઇમરાન મોહમ્મદમોઇન બિહારી જે વીસ વર્ષનો હતો તે યુવાન છ દિવસ પહેલા પોતે જ્યાં રહેતો તે રૂમમાં કોઇ સાથે બોલાચાલી થયા બાદ ત્યાંથી નીકળી ગયો હતો. ચાર દિવસ પહેલા ગૂમ થયાની જાણ મેટોડા પોલીસને કરવામાં આવી હતી. દરમિયાન રવિવારે સાંજે મેટોડા જીઆઇડીસી સિલ્વર કારખાના પાછળ વાડી વિસ્તારમાં કૂવામાંથી દૂર્ગંધ આવતી હોઇ પોલીસને જાણ થતાં તપાસ કરતાં એક યુવાનની ફુલાયેલી, કોહવાયેલી લાશ મળી હતી. આ લાશ ગૂમ થયેલા મોહમ્મદઇમરાન બિહારીની હોવાનું ખુલ્યું હતું.

મૃત્યુ પામનાર છ ભાઇ અને એક બહેનમાં પાંચમો અને કુંવારો હતો. અહિ આઠેક મહિનાથી રહીને કંપનીમાં કામ કરતો હતો. તેણે આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું? તેની તપાસ થઇ રહી છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ ફોરેન્સિક નિષ્ણાંતો દ્વારા કરાવવામાં આવ્યું છે. મેટોડા પોલીસે વધુ તપાસ યથાવત રાખી હતી. આ બનાવથી મેટોડાના મજૂરવર્ગમાં ચકચાર મચી ગઇ હતી.

### ઢેબર રોડ અટીકા ફાટક પાસે વોર્ડ નંબર ૧૭-બની ઓફિસે કાર્યવાહી

# મનપાનો સેનેટરી ઈન્સપેક્ટર હજારની લાંચ લેતા ઝબ્બે

## કર્મચારીની રજા સરભર કરવા માટે બે હજાર માંગી એક હજાર લઇ લીધા, બાકીના હજાર હાથોહાથ લીધા ને એસીબી ઈન્સ. આર. આર. સોલંકીની ટીમે ઝડપી લીધો

રાજકોટ, તા. ૧૯

અમુક અમુક કચેરીઓમાં એવા એવા બાબુઓ હોય છે જે પગાર ઉપરની મલાઇ ખાવા માટે કોઇને પણ હેરાન કરી શકતાં હોય છે. આવા બાબુઓને પકડી લેવા એસીબીની ટીમ સતત કાર્યરત રહેતી હોય છે. દરમિયાન શહેરમાં ભ્રષ્ટાચાર સામે લાલ આંખ કરતા એસીબીની ટીમે વધુ એક સફળ ટ્રેપ પાર પાડી છે. મ્યુ. કોર્પોરેશનના વોર્ડ નં. ૧૭ (બ)ની ઓફિસમાં ફરજ બજાવતા સેનેટરી સબ ઈન્સ્પેક્ટર વર્ગ-૩ના જીતેન્દ્ર રમેશભાઈ ગડીયલને રૂા. એક હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લેવામાં આવતાં ચકચાર જાગી છે. કર્મચારીની રજા સરભર કરવાના બદલામાં લાંચ મંગાઇ હતી. આ સમગ્ર કામગીરી એસીબી રાજકોટ શહેર એકમ દ્વારા કરવામાં આવી હતી.

કેસની માહિતી પર નજર કરીએ તો આ કેસના ફરિયાદી કર્મચારીની ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૫ની રજાઓ સરભર કરવાના બદલામાં આરોપી જીતેન્દ્ર ગડીયલે રૂા. ૨,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. આરોપીએ એવી ધમકી આપી હતી કે જો લાંચની રકમ આપવામાં નહીં આવે તો તે ફરિયાદીને નોકરીમાં હેરાન પરેશાન કરશે અને બાકી રહેતી રજાઓમાં પણ કપાત કરશે. આ અન્વયે ગત શનીવારે સત્તરમીના રોજ ફરિયાદીએ આરોપીને મળી પ્રથમ હપ્તા પેટે રૂા. ૧,૦૦૦ આપ્યા હતા અને બાકીના રૂા. ૧,૦૦૦ બે-ત્રણ દિવસમાં આપવાનું નક્કી થયું હતું.





જો બે હજાર નહિ આપે તો નોકરીમાં હેરાન કરાશે તેવી ધમકી અપાઇ હતી

જેની હેતુલક્ષી વાતચીતનું રેકોર્ડિંગ પણ કરવામાં આવ્યું હતું. દરમિયાન ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે આજે ૧૯મીએ અટીકા ફાટક પાસે આવેલી વોર્ડ નં. ૧૭ (બ) ની ઓફિસ ખાતે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ દરમિયાન આરોપીએ પંચની હાજરીમાં ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના બાકીના રૂા. ૧,૦૦૦ સ્વીકારતા જ એસીબીની ટીમે તેને સ્થળ પર જ પકડી લઇ કાર્યવહી કરી હતી.

આ વખતે જ એસીબીએ લાંચની રકમ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સફળ કામગીરી રાજકોટ શહેર એસીબી પોલીસ સ્ટેશનના ટ્રેપિંગ અધિકારી પીઆઇ આર.આર. સોલંકી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહીનું સુપરવિઝન નિયામકશ્રી પિયુષ પટેલ, મદદનીશ નિયામક જે. ડી. મેવાડા (એસીબી રાજકોટ એકમ) અને ઇન્ચાર્જ અધિકારી તથા નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલા (એસીબી રાજકોટ)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. એસીબીની આ કાર્યવાહીથી મનપાના વર્તુળોમાં ચકચાર જગાવી દીધી હતી. અવાર-નવાર આ પ્રકારના લાંચના છટકામાં સરકારી અર્ધસરકારી કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ લાંચ લેતાં દબોચાઇ જતાં હોય છે. આમ છતાં તેમાંથી ધડો લઇ બીજા અધિકારીઓ, કર્મચારીઓ ઉપરની કમાણી ખાવાની લાલચથી પોતાને રોકી શકતાં નથી. આવા અમુક પછી એસીબીની ઝપટે આવી જાય છે.

### છ પરિવારોએ સ્વજનોને ઓચીંતા ગુમાવી દીધા કાયમને માટેઃ શોકની કાલીમા

# હિટ એન્ડ રનમાં સાઈકલસવાર પ્રૌઢનો ગયો જીવ

## આપઘાતની ત્રણ ઘટનામાં બે યુવાન અને એક પરિણીતાના મૃત્યુઃ બેભાન હાલતમાં બે લોકોએ ગુમાવ્યા જીવ

રાજકોટ, તા.૧૯

જીવલેણ વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારના મોભીનું મોથ થયું છે. જેમાં સાઇકલ હંકારીને જઇ રહેલા આધેડને અજાણ્યો કારનો ચાલક ઉલાળીને ભાગી જતાં આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે અન્ય એક ટુવ્હીલરને પણ ઠોકરે લેતાં તેના પર બેઠેલા બે મજૂર પણ ઇજાગ્રસ્ત થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ટંકારાના સાવડી ગામે હિટ એન્ડ રનની ઘટનામાં સાઇકલસવાર પ્રૌઢનું ગંભીર ઇજા થતાં મોત થયું હતું. અજાણ્યો કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. આ પ્રૌઢે રાજકોટમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. મૃતકના સગાના કહેવા મુજબ કારચાલકે અન્ય એક બાઇકને પણ ઉલાળી દેતાં તેના પર સવાર બે મજૂરોને પણ ઇજા પહોંચી હતી. ટંકારાના સાવડી ગામે રહેતાં એકાવન વર્ષના પ્રવિણભાઇ ઉગાભાઇ ગોહેલ પંદરમીએ રાતે પોણા એકાદ વાગ્યે ગામમાંથી સાઇકલ હંકારીને પૂલ પરથી ઘર તરફ આવી રહ્યા હતાં ત્યારે અજાણ્યો કારચાલક તેમને સાઇકલ સહિત ઉલાળીને ભાગી ગયો હતો. આ કારની ઠોકરે અન્ય એક ટુવ્હીલર પણ ચડી જતા બે મજૂરોને પણ ઇજા પહોંચી હતી. ગંભીર ઇજાગ્રસ્ત પ્રવિણભાઇને મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થયું હતું. મૃત્યુ પામનાર પ્રવિણભાઇ છ ભાઇ અને બે બહેનમાં બીજા હતાં. તે છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરવામાં આવી હતી.



આપઘાતની ત્રણ ઘટના જોઇએ તો કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસે ચામુંડા સોસાયટી-૧માં રહેતાં ચોવીસ વર્ષના નરેશ નારણભાઇ મકવાણા નામના યુવાને આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. નરેશ મકવાણાએ ઘરે હતો ત્યારે ગળાફાંસો ખાઇ લીધો હતો. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી મારફત થતાં બી-ડિવીઝનના હેડકોન્સ. યોગેશભાઇ, રાઇટર ધીરેન્દ્રભાઇએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર નરેશ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે બુટ-ચંપલનું કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. યુવાન દિકરાના આ પગલાથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

જ્યારે કોઠારીયા રોડ હરી ધવા માર્ગ પર અયોધ્યા સોસાયટીમાં રેહતાં ત્રીસ વર્ષના બંસીબેન કેવીનભાઇ રૈયાણીએ ઘરે પંદરમીએ ઝેરી દવા પી લેતાં સારવાર હેઠળ હતાં. તેનું સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઇ રાઠોડે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતકના પતિ કડીયા કામ કરે છે. તેણીના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર છે. કારણ જાણવા પોલીલસે તપાસ યથાવત રાખી છે.

આ ઉપરાંત ત્રીજા બનાવમાં દોઢસો ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે ન્યુ લક્ષ્મી સોસાયટી-૩માં રહેતાં ચાલીસ વર્ષના ભાવેશભાઈ નાગજીભાઈ સંઘાણીએ ઘરે પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ થતાં તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે. ભાવેશભાઇ લેબ ટેકનિશિયન તરીકે કામ કરતાં હતાં. કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

અપમૃત્યુના અન્ય બનાવો જોઇએ તો બેભાન હાલતમાં મૃત્યુના બે બનાવ બન્યા હતાં. જેમાં કોઠારીયા રોડ પીપળીયા હોલ પાસે રામેશ્વર સોસાયટી-૩માં રહેતાં પંચાવન વર્ષના ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ કચ્છવા- રાતે બે વાગ્યે પેટમાં દુઃખાવો ચાલુ થયા બાદ બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ઉપેન્દ્રસિંહ બે બહેનના એકના એક વચેટ ભાઇ હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.

તેમજ અન્ય બનાવમાં ખોખડદળ પૂલ પાસે રાધાકૃષ્ણ સોસાયટી-૪માં રહેતાં અડતાલીસ વર્ષના કિશોરભાઇ દિલુભાઇ બસીયા રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. બનાવથી સ્વજનો શોકમાં ગરક થઇ ગયા હતાં. અકસ્માત અપમૃત્યુની ઘટનાઓમાં છ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

# દારૂ ભરેલી કાર સાથે પકડાયો

### LCB ઝોન-૧ની ટીમે કાળીપાટ પાસેથી પોણા ચાર લાખનો મુદામાલ કબ્જે : ચોટીલાનો દારૂ શખ્સ કાર આપી ગયાનું રટણ

રાજકોટ, તા. ૧૯

દારૂના વધુ એક દરોડામાં એક શખ્સને કારમાં જથ્થા સાથે દબોચી લેવાયો છે. વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા શખ્સને ૩.૭૫ લાખનો દારૂ ભરેલી ઇકો કાર સાથે ભાવનગર નવા ૧૫૦ રીંગ રોડ કાળીપાટ ચોકડી પાસેથી એલસીબી ઝોન-૧ ટીમે પકડી લીધો હતો. દારૂ-જૂગારની પ્રવૃતિ અટકાવવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, કોન્સ. નિખીલભાઇ પીરોજીયા, નિલેશભાઇ જમોડને બાતમી મળતાં કાળીપાટ ચોકડ પાસે ગોંડલ રોડ તરફના રસ્તે વોચ રાખી જીજે૦૩જેઆર-૩૬૫૫ નંબરની ઇકો કાર આંતરી લીધી હતી. તેની તલાસી લેતાં દારૂનો જથ્થો ભરેલો મળ્યો હતો. કારચાલકની પુછતાછ કરવામાં આવતાં તેણે પોતાનું નામ સંજય રમેશભાઇ કાછડીયા (માનસરોવર સોસાયટી-૨, ભાડેથી, આજીડેમ ચોકડી પાસે) જણાવ્યું હતું.



ચાલીસ વર્ષની ઉંમર ધરાવતા આ શખ્સ હસ્તકની કારમાંથી રોયલ સ્ટેગના ૧૮૦ એમએલના ૨,૮૮,૦૦૦ના ૯૬૦ ચપલા, રોયલ ચેલેન્જ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૭૨૦૦૦ના ૨૪૦ ચપલા અને રોયલ ચેલેન્જની ૭૫૦ એમએલની ૧૫૬૦૦ની ૧૨ બોટલો મળી આવતાં કુલ ૩,૭૫,૬૦૦નો દારૂ અને ૪ લાખની કાર, મોબાઇલ ફોન મળી કુલ રૂા. ૭,૭૬,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી હેતલ પટેલની સુચના અંતર્ગત પીએસઆઇ એમ. કે. મોવલીયા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હરેશભાઇ પરમાર, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર, રવિરાજભાઇ પટગીર, કોન્સ. નીખીલભાઇ પીરોજીયા, નિલેષભાઇ જમોડ સહિતે આ કામગીરી કરી હતી. પ્રાથમિક પુછતાછમાં સંજય કાછડીયાએ કાળીપાટ પાસે એક શખ્સ હમ દારૂ ભરેલી કાર આપી ગયાનું રટણ કરતાં તેની પાસેથી વધુ વિગતો ઓકાવવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમીક તપાસમાં ચોટીલાનો કોઇ શખ્સ આ દારૂ આપી ગયાનું રટણ કર્યુ હતું.

### ભુલકાઓ અવાર-નવાર રમત રમતમાં નોતરી બેસે છે મુશીબતને, ક્યારેક થઇ જાય મોત


# નવમા માળેથી ગબડેલા બાળકનું મોત

### કોઠારીયા વિસ્તારના કારખાનેદારનો એકનો એક દસ વર્ષનો દિકરો પુનિતનગરમાં દાદાના ઘરે હતો ત્યારે બનાવ

### બીજી ઘટનામાં અગાસીએ તડકો ખાવા જવાનું કહીને ગયેલી યુવતિએ પાંચમા માળેથી પડતું મુકતાં જીવ ગયો

રાજકોટ, તા. ૧૯

હસતા રમતા સાવ અચાનક... માસુમ ફુલડા જેવા બાળકો સાથે ગમે ત્યારે રમત રમતમાં ગંભીર ઘટના બની જતી હોય છે. જેમાં કાં તો તેને ગંભીર ઇજા પહોંચતી હોય છે કાં તો તેનું મોત પણ થતું હોય છે. આવી જ એક કરૂણ ઘટના સામે આવી છે જેમાં દાદાના ઘરે નવમા માળે સીડી પર લસરપટ્ટી ખાઇ રહેલો દસ વર્ષનો બાળક અકસ્માતે લપસી પડતાં નવમા માળેથી નીચે આવ્યો હતો. ગંભીર ઇજા થતાં તેનું મોત થતાં કલ્પાંત સર્જાયો હતો. બીજી ઘટનામાં બહેન સાથે જમી લીધા બાદ અગાસીએ તડકો ખાવા જવાનું કહીને ગયેલી ચોવીસ વર્ષની યુવતિએ પાંચમા માળેથી મોતની છલાંગ લગાવી દીધી હતી.



વિગતો પર નજર કરીએ તો ભુલકાઓ ઘણીવાર રમત રમતમાં મુશીબતને આમંત્રણ આપી બેસતા હોય છે. કોઠારીયાની એક સોસાયટીમાં રહેતાં કારખાનેદારનો દસ વર્ષનો પુત્ર ગોંડલ રોડ પર પુનીતનગરમાં નવમા માળે દાદાના ઘરે ગ્રીલ પર લપસીયું ખાતો હતો ત્યારે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ તેનો જીવ બચ્યો નહોતો. વધુ માહિતી અનુસાર કોઠારીયા રોડ આસોપાલવ સોસાયટી શેરી નં. ૨ પ્લોટ નં. ૧૯૫માં રાંદલ કૃપા ખાતે રહેતાં કલ્પેશભાઇ ભેસાણીયાનો પુત્ર ક્રિશવ નામનો દસ વર્ષનો ટેણીયો પુનીતનગરમાં વૃંદાવન સીટી એપાર્ટમેન્ટ વીંગ એ-૯૦૨માં પોતાના દાદાના ઘરે સાંજે સાડા પાંચેક વાગ્યે હતો ત્યારે રમતી વખતે નવમા માળે લોખંડની ગ્રીલમાં લપસીયું ખાતો હતો.

આ વખતે બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. ક્રિશવને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મોત થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. વી. સરવૈયાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ક્રિશવના પિતા કારખાનેદાર છે. ક્રિશવ તેનો એકનો એક દિકરો હતો અને ધોરણ-૪માં અભ્યાસ કરતો હતો. રવિવારે રજા હોઇ દાદાના ઘરે ગયો હતો ત્યારે રમતી વખતે આ ઘટના બની હતી. લાડકવાયાના મૃત્યુથી ભેસાણીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.


અપમૃત્યુ આપઘાતની બીજી કરૂણ ઘટનામાં શહેરના કાલાવડ રોડ કટારીયા ચોકડી પાસે ગુ.હા. બોર્ડ ક્વાર્ટરમાં રહેતી યુવતિએ બપોરે બહેન સાથે જમી લીધા બાદ પોતે પાંચમા માળે અગાસીએ તડકો ખાવા જાય છે તેમ કહીને છત પર ગયા બાદ ત્યાંથી પડતું મુકી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. સરકારી નોકરીની તેણી તૈયારી કરતી હોઇ અને હાલમાં ડીપ્રેશનમાં રહેતી હોઇ તેના કારણે પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. કટારીયા ચોકડી પાસેના ક્વાર્ટરમાં રહેતી ચોવીસ વર્ષની પલકબેન નિલેષભાઇ ઝાલા નામની યુવતિએ રવિવારે બપોરે ત્રણેક વાગ્યે પાંચમા માળેથી પડતું મુકતાં ગંભીર ઇજાઓ સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

આ ઘટના બારામાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. વી. સરવૈયા સહિતે જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે કહ્યું હતું કે આપઘાત કરનાર પલકબેન બે બહેનમાં મોટી હતી. પિતા હયાત નથી. તેણી ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી. માતા પણ રસોઇનું કામ કરવા જાય છે. નોકરી સાથે સાથે તેણી સરકારી નોકરીની તૈયારી પણ કરતી હતી. હાલમાં કોઇ કારણોસર ડીપ્રેશનમાં રહેતી હતી. પોલીસે તેણીની માતાને પુછતાં તેણી કોઇ છોકરા સાથે વાત કરતી હોવાની પ્રાથમિક વિગતો મળી હતી. બપોરે બહેન સાથે જમ્યા બાદ પોતે અગાસીએ તડકો ખાવા જાય છે તેમ કહીને ઉપર ગયા બાદ તેણે પડતું મુકી દીધુ હતું. આપઘાતનું ચોક્કસ કારણ બહાર આવ્યું ન હોઇ પોલીસ અંતિમવિધી બાદ વિશેષ તપાસ કરશે.

### ગુનો કરે, પકડાય, જેલમાં જાય, છુટે અને ફરી એવો જ ગુનો આચરે

# ATM ફ્રોડ આચરતો દીપક દબોચાયો

### મુળ યુપીનો ગઠીયો અગાઉ પણ દસ ગુના આચરી ચુક્યો છેઃ વધુ બે સાથે ડઝને પહોંચ્યોઃ LCB ઝોન-વન ટીમે પકડતાં અલગ અલગ એટીએક કાર્ડનો જથ્થો અને રોકડ પણ મળી આપ્યા હતા



રાજકોટ, તા. ૧૯

અમુક છાપેલા કાટલા કોઇ હિસાબે સુધરતા હોતા નથી. એક જ પ્રકારના ગુના આચરીને પકડાય, જેલમાં જાય, છુટે અને ફરીથી એગાઉ જેવા જ ગુના આચરવાની આદત આવા શખ્સોને પડી ગઇ હોય છે. આવો જ એક ગઠીયા એલસીબી ઝોન-વન ટીમના હાથે પકડાઇ ગયો છે. જેણે એટીએમમાં પૈસા ઉપાડવા આવતાં વૃધ્ધો, અભણ લોકોને પૈસા ઉપાડવામાં મદદ કરવાના નામે વારંવાર ઠગાઇ કરી છે. અગાઉ આ પ્રકારના દસ ગુના આચરી ચુકેલા ગઠીયાએ વધુ બે નવા ગુના આચરતાં પકડી લેવાયો છે.

વિગતો પર નજર કરીએ તો એટીએમમાં વૃધ્ધ, આધેડ વયના લોકો કે અભણ લોકોને રૂપિયા ઉપાડવામાં મદદ કરવાના નામે તેના એટીએમ પીન નંબર જાણી લઇ બાદમાં જે તે વ્યક્તિનું એટીએમ કાર્ડ બદલી ટેકનીકલ ફોલ્ટ છે, રૂપિયા નહિ ઉપડે તેમ કહી તેનું અસલી એટીએમ કાર્ડ પોતાની પાસે રાખી લઇ નકલી આપી દઇ બાદમાં જે તે વ્યક્તિના કાર્ડનો ઉપયોગ કરી નાણા ઉપાડી ઠગાઇ કરતાં ગઠીયાને એલસીબી ઝોન-૧ ટીમે ઝડપી લીધો છે. આ શખ્સે બે ગુના કબુલ્યા છે. અગાઉ પણ તે આ પ્રકારના દસ ગુના રાજકોટ, વાંકાનેર, જામકંડોરણમાં આચરી ચુક્યો છે. મુળ યુપીના આ શખ્સની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી હતી. અનડીટેક્ટ ગુના ઉકેલવા એલસીબી ઝોન-૧ ટીમ તપાસમાં હતી ત્યારે એએસઆઇ હરેશભાઇ પરમાર, હેડકોન્સ. જગદીશસિંહ પરમાર, કોન્સ. રવિરાજભાઇ પટગીરને બાતમી મળી હતી કે મોરબી રોડ સિતારામ સોસાયટી નજીક રેલ્વેના પાટા પાસે શ્રીરામ પ્લાસ્ટીકની સામે એક શખ્સ ઉભો છે.

આ શખ્સ એટીએમ કાર્ડ બદલીને ઠગાઇના ગુના આચરે છે. આ બાતમી પરથી શખ્સને સકંજામાં લઇ પુછતાછ કરતાં પોતાનું નામ દિપકસિંગ સંતોષસિંગ સેગર જણાવ્યું હતું. સાડત્રીસ વર્ષનો આ શખ્સ મોરબી રોડ સેટેલાઇટ ચોક, રેડ રોઝ હોટેલ પાછળ વેલનાથ સોસાયટી-૧, મુળ બિલૌહા ગામ, જી. જાલોન, થાના રામપુરા ઉત્તરપ્રદેશનો રહેવાસી છે. આ શખ્સ પાસેથી અલગ અલગ બેંકના ૧૪ એટીએમ કાર્ડ અને રૂા. ૨૪ હજાર રોકડા મળી આવ્યા હતાં. વિશેષ તપાસ થતાં આ શખ્સ એટીએમ ફ્રોડનો રીઢો ગુનેગાર હોવાનું ખુલ્યું હતું. તેની પુછતાછ થતાં તેણે કબુલ્યું હતું કે વીસેક દિવસ પહેલા પેડક રોડ ગોવિંદબાગ શાક માર્કેટ રોડ પર બેંક ઓફ બરોડના એટીએમમાં રૂપિયા ઉપાડવા આવેલા વ્યક્તિને મદદ કરવાના બહાને તેનું એટીએમ કાર્ડ મેળવી પીન નંબર જાણી લઇ બાદમાં કાર્ડ બદલી નાંખી રૂપિયા ઉપડતાં નથી, મશીનમાં ખામી છે કહી નકલી કાર્ડ આપી દીધું હતું.

બાદમાં અસલી કાર્ડનો ઉપયોગ કરી રૂા. ૨૭૪૦૦ ઉપાડી લીધા હતાં. આ અંગે બી-ડિવીઝનમાં ગુનો નોંધાયો હતો. આ ઉપરાંત દોઢ મહિના પહેલા કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે એસબીઆઇના એટીએમ ખાતે પણ આવી જ રીતે એક વ્યક્તિને છેતરી રૂા. ૩ હજાર ઉપાડી લધીા હતાં. પોલીસ સુત્રોના કહેવા મુજબ આ શખ્સ વર્ષ ૨૦૧૭થી આ પ્રકારના એટીએમ ફ્રોડના ગુના આચરે છે. તેના વિરૂધ્ધ અગાઉ રાજકોટમાં એ-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં આવા છ ગુના, માલવીયાનગર, ભક્તિનગરમાં એક-એક ગુનો, વાંકાનેર સીટી અને જામકંડોરણામાં પણ આ પ્રકારના એક-એક મળી દસ ગુના નોંધાઇ ચુક્યા છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી હેતલ પટેલની સુચના અંતર્ગત પીએસઆઇ એમ. કે. મોવલીયા, એએસઆઇ હરેશભાઇ પરમાર, મનરૂપગીરી ગોસ્વામી, હેડકોન્સ. હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર, હિતેષભાઇ પરમાર, કોન્સ. રવિરાજભાઇ પટગીરની ટીમે કરી હતી. આ ગઠીયાએ વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

# મિકેનિકલ વાલ્વના વેપારીઓ પર SGSTના દરોડા

## ટાર્ગેટ ને પહોંચી વળવા અને માર્ચ એન્ડિંગ નજીક હોવાના કારણે સેન્ટ્રલ અને સ્ટેટ એજન્સીઓ હરકતમાં

રાજકોટ, તા. ૧૯
છેલ્લા ઘણા સમયથી સ્ટેટ જીએસટી વિભાગ સર્ચ ઓપરેશનમાં નિષ્ક્રિય જોવા મળતું હતું ત્યારે સ્ટેટ જીએસટીનું ઈન્ફોર્સમેન્ટ વિભાગ હાલ સક્રિય બન્યું છે અને ગઈકાલ સવારથી જ શહેરમાં કરચોરી અનુસંધાને દરોડા પાડવામાં આવી રહ્યા છે. માલ જે વિગત મળી રહી છે તે મુજબ છેલ્લા કેટલાક મહિનાઓથી રાજકોટ જીએસટી વિભાગને કરચોરી અનુસંધાને વળી કચેરીમાંથી તપાસ અંગેની મંજૂરીઓ ન મળતા હાલ કામગીરી થતી ન હતી પરંતુ માર્ચ એન્ડિંગ નજીક હોવાના કારણે વિવિધ ક્ષેત્રના વેપારીઓ પર તપાસ બોલાવવા હાલ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેને ધ્યાને લઈ વડી કચેરીમાંથી તપાસની મંજૂરી મળતા સવારથી જ રાજકોટ જીએસટી વિભાગના એન્ફોર્સમેન્ટ વિંગની ટીમોએ રાજકોટ શહેરના મીકેનીકલ વાલ્વોના બે વેપારી પેઢીઓ ઉપર દરોડા પાડી તપાસની કાર્યવાહી હાથ ધરી છે




પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ કરચોરી અનુસંધાને જીએસટી તંત્ર દ્વારા આ તપાસ શરૂ કરવામાં આવેલ છે. રાજકોટ શહેરના છેવાડે આવેલ ઔદ્યોગીક વિસ્તારમાં મીકેનીકલ વાલ્વની આ પેઢીઓમાં વહેલી સવારથી તપાસની કાર્યવાહી શરૂ કરાઈ છે અને હજુ વધુ આ તપાસ આજે આખો દિવસ ચાલે તેવી શક્યતા હોવાનું જીએસટી વિભાગના સુત્રો જણાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે હવે નવું નાણાકીય વર્ષ નજીક આવી રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા વેરાનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે દરોડાની કાર્યવાહી આગામી દિવસોમાં વધુ તેજ બને તેવી પણ શકયતા દર્શાવાઈ રહી છે. હજુ પણ આ પ્રકારની અનેકવિધ ક્ષેત્રના વેપારીઓ પર તપાસ હાથ ધરવામાં આવે તેવું જણાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ હાલજે ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેને પહોંચી વળવા માટે અત્યારથી જ સ્ટેટ જીએસટી તથા સેન્ટ્રલ જીએસટીની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. જ્યાં સુધી યોગ્ય કામગીરી હાથ ધરવામાં નહીં આવે ત્યાં સુધી અનેકવિધ પ્રશ્નો પણ ઊભા થતા રહેશે કારણ કે સ્ટેટ જીએસટી વિભાગની કામગીરી અંગે અનેકવિધ પ્રશ્નો ભૂતકાળમાં પણ ઉભા થયા છે પરંતુ હાલ એનફોર્સમેન્ટ વિંગ સક્રિય થતા વેપારીઓમાં ફફડાટ પણ મચી ગયો છે. હાલ મળતી માહિતી મુજબ સેન્ટ્રલ જીએસટી દ્વારા મોબાઈલ ના વેપારીઓ પર તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી પકડાઈ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે પરંતુ હજુ સાચો આંકડો સામે આવતો નથી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આવકવેરા વિભાગ પણ ટૂંક સમયમાં સર્ચ ઓપરેશન હાથ ધરે તેવું જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે હાલ કોના ઉપર દરોડા પાડવામાં આવશે તે સૌથી મોટો વિકટ પ્રશ્ન છે પરંતુ જાન્યુઆરી ફેબ્રુઆરી મહિનો સરચ ઓપરેશન ખૂબ વધુ પ્રમાણમાં નોંધાતા હોઈ શકે કારણ કે આપવામાં આવેલા ટાર્ગેટ ને પહોંચી વળવા માટે દરોડા ખૂબ ઉપયોગી સાબિત થાય છે. જેના પર દરેકની મીટ મંડાયેલી હોય છે.



# બજેટમાં દર્શાવેલી કઈ યોજનાઓ પુરી થઈ?

## સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે અધિકારીઓના ક્લાસ લીધાં

રાજકોટ, તા. ૧૯
રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે લાંબા સમય બાદ બજેટમાં સુચવાયેલી યોજનાઓ ક્યાં તબક્કે છે તેનું સ્ટેટ્સ જાણવા મહાનગરપાલિકાની તમામ શાખાઓના અધિકારીઓ, ચારેય ડેપ્યુટી કમિશનરોની હાજરીમાં બજેટ રિવ્યૂ બેઠક યોજી હતી. મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ નાં બજેટમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુચવાયેલી રૂપિયા ૫૫.૯૨ કરોડની ૨૦ યોજનાઓમાંથી હજુ રૂપિયા ૪૬.૧૦ કરોડની ૧૦ જેટલી યોજનાની ઈંટ પણ મુકવામાં આવી નથી.



બીજી બાજુ મહાનગર પાલિકાના નવાં નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭ના વાર્ષિક અંદાજપત્રની પૂરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને જાન્યુઆરી માસના અંતિમ સપ્તાહમાં કમિશનર તુષાર સુમેરા સ્ટેન્ડિંગ કમિટી માં બજેટ પણ રજૂ કરી દેશે ત્યારે આજે સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે તમામ શાખાઓના અધિકારીઓ અને ચારેય ડેપ્યુટી કમિશનરો સાથે બજેટ રિવ્યૂ બેઠક યોજી છે.

આ બેઠકમાં સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે બજેટમાં મંજૂર કરેલા કેટલા પ્રોજેક્ટ્સ શરૂ થયા અને કેટલા બાકી રહ્યા છે તેનો હિસાબ માંગ્યો હતો. કમિશનર બ્રાન્ચના કોન્ફરન્સ રૂમમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે કમિશનર સહિતના અધિકારીઓની મિટિંગ બોલાવી કામગીરીનો હિસાબ માંગ્યો હતો.

આ બેઠકમાં સ્ટેન્ડિંગ ચેરમેન, પાંચ પદાધિકારીઓ, શહેર ભાજપ પ્રમુખ, કમિશનર, તમામ ડેપ્યુટી કમિશનરો અને તમામ સિટી ઈજનેરો ઉપસ્થિત રહેશે. ખાસ કરીને બજેટ આપ્યા પછી શું કર્યું? હવે બે મહિનામાં શું ઉકાળશો ? તે સહિતના સવાલો ઉઠાવી અધિકારીઓને લક્ષ્યાંકો આપવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫-૨૬ નું રૂપિયા ૩૧૦૦ કરોડના બજેટમાં હજુ રૂપિયા ૧૪૦૦ કરોડ જ વપરાયાં છે. ત્યારે કોર્પોરેટરોને મળતી ગ્રાન્ટ માંથી કેટલી ગ્રાન્ટ વપરાઈ અને કેટલી બાકી છે તેની માહિતી પણ માંગવામાં આવી હતી.

### આજે મનપાનું જનરલ બોર્ડ

# શાળા નં.૯૯ મુદ્દે વિપક્ષો સભા ગજવશે

## ઈસ્ટઝોનના આસિ. ઈજનેરને માર મારવાના મુદ્દે ઘીના ઠામમાં ઘી પડી ગયાની ચર્ચા વચ્ચે વિપક્ષી સભ્યો પણ આ મુદ્દે ચુપકિદી રાખશે?

રાજકોટ, તા . ૧૯
રાજકોટ મહાનગરપાલિકાની આજે જનરલબોર્ડની બેઠક મળી રહી છે .ત્યારે, ભાજપના કોર્પોરેટરોએ પુછેલા સરકારી પ્રશ્નો વચ્ચે વિપક્ષો દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ભાડાના મકાનમાં બેસતી શાળા નં.૯૯ અને ફ્લાવરબેડ મુદ્દે વિપક્ષી સભ્યો જનરલબોર્ડની સભા ગજવે તેવી શક્યતા છે. થોડા સમય પહેલા ઈસ્ટઝોનના આસિ. ઈજનેરને માર મારવાના મુદ્દે ઘીના ઠામમાં ઘી પડી ગયાની ચર્ચા વચ્ચે વિપક્ષી સભ્યો પણ આ મુદ્દે ચુપકિદી રાખશે તેમ જાણવા મળે છે. ફડાકાકાંડ બાદ મહાનગરપાલિકાના એન્જિનિયર એસો. એ વિજળીક હડતાળ પાડી હતી. અને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની માગણી કરી હતી. આ પછી મેયર બંગલે પણ આ મુદ્દે ઉગ્ર ચર્ચા થઇ હતી. જે તે સમયે સ્ટેન્ડિંગ ચેરમેને પણ 'આપણે કંઈ બંગડી પહેરી નથી' તેમ કહીને ઇજનેરોને ટેકો આપીને ૪૮ કલાકમાં એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની ખાતરી આપી હતી. જો કે આ પછી કોઈ પગલાં લેવાયા નથી ત્યારે આવતીકાલે મળનારી જનરલ બોર્ડની બેઠકમાં વિપક્ષી સભ્ય મકબુલ દાઉદાણીએ એજન્સીને બ્લેક લિસ્ટ કરવાનો મુદ્દો પ્રશ્નરૂપે ઉઠાવ્યો છે.




ગઇકાલે રાજ્યના શિક્ષણ મંત્રી સામે વિપક્ષી સભ્ય વશરામ ભાઈ સાગઠિયાએ શાળા નં.૯૯નો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે આવતીકાલની જનરલ બોર્ડની બેઠકમાં પણ શાળા મુદ્દે વિપક્ષી સભ્યો ધમાલ બોલાવે તેવી શક્યતા છે. આજે તા. ૨૦ જાન્યુઆરીએ મહાનગર પાલિકાની દ્વિમાસિક જનરલ બોર્ડની બેઠક યોજાનાર છે. જનરલ બોર્ડમાં પણ પ્રથમ ૧થી ૫ ક્રમે ભાજપનાં ૫ કોર્પોરેટરોનાં ૧૦ પ્રશ્નો છે. જોકે શાસકો એક પ્રશ્નમાં જ બોર્ડની એક કલાકની મર્યાદા પુરી કરવાની રાબેતા મુજબની નીતિ અપનાવશે. છઠ્ઠા ક્રમે વિપક્ષનાં નગરસેવક વશરામ ભાઈ સાગઠિયાનો પ્રશ્ન છે. જોકે બે મહિને ૧ કલાક મળનારા જનરલ બોર્ડમાં વિપક્ષને પ્રશ્ન રજુ કરવાની તક નહીં મળે. આમ છતાં વિપક્ષો ભાડાના મકાનમાં બેસતી શાળા નં.૯૯ અને ફલાવર બેડ મુદ્દે બોર્ડ ગજવે તેવી શક્યતા છે.

જનરલ બોર્ડમાં પ્રથમ ક્રમે ભાજપના કોર્પોરેટર દક્ષાબેન વસાણીએ અમૃત યોજના અને સ્વર્ણિમ યોજના હેઠળ મળવાપાત્ર ગ્રાન્ટ અને મળેલી ગ્રાન્ટ અને તે અંતર્ગત હાથ ધરવામાં આવેલ કામની વિગતો માંગી છે. જ્યારે રુચિતાબેન જોષીએ સ્ટ્રીટ લાઈટ અને વોર્ડ વાઇઝ નવા બનેલા રોડ-રસ્તાની વિગતો માંગી છે. ત્રીજા ક્રમેં કંકુબેન ઉઘરેજાએ ટાઉન પ્લાનિંગ હસ્તકના ખુલ્લા પ્લોટની વોર્ડ વાઇઝ માહિતી ઉપરાંત વોર્ડ વાઈઝ આંગણવાડીઓ અને તેમાં અપાતા નાસ્તાની વિગતો પૂછી છે. જ્યારે વિનુભાઈ સોરઠીયાએ આરોગ્ય વિભાગને છેલ્લા ૨ વર્ષમાં મળેલી ગ્રાન્ટ અને તેનો ઉપયોગ કઈ રીતે થયો છે તેની માહિતી તેમજ ફાયર વિભાગ પાસે હાલમાં કયાં અને કેટલા વાહનો છે તેનો આકસ્મિક સંજોગોમાં કેવી રીતે પ્રયોગ થાય છે તેની માહિતી માંગી છે.

વિપક્ષનાં નગરસેવક વશરામ સાગઠિયાએ ટીપી વિભાગની સામે સવાલો ઉઠાવ્યા છે. જેમાં ૧૧-૧૧-૨૦૨૫ સુધીમાં ૪૯ બિલ્ડીંગની સ્થળ તપાસ કરીને માત્ર ૮ બાંધકામોને જ ભોગવટા પ્રમાણપત્રો અપાયા છે. તેમાંથી કેટલાના રૂપિયા ભરાયા ? અને નથી ભરાયા તેની સામે શુ પગલાં લેવાયા? અથવા ન લીધા હોય તો શું પગલાં લેવા માંગો છો ? તેમજ ૧૨-૧૧-૨૦૨૫થી ૧૨-૦૧-૨૦૨૬ સુધીમાં ફ્લાવર બેડનાં કારણે કેટલી મિલ્કતઓને ભોગવટાની પરવાનગી આપવામાં આવી ? જેવા સવાલો ઉઠાવ્યા છે. આવી જ રીતે વિપક્ષના કોર્પોરેટર કોમલબેન ભારાઈએ પણ કોર્પોરેશનની શાળા નંબર ૯૯ છેલ્લા ૨૦૦૮થી ભાડાનાં મકાનમાં ચાલતી હોવા અંગે તેમજ ટીપી વિભાગે મારેલા સીલ જાતે ખોલીને બાંધકામ શરૂ કરતાં તેની સામે થતી કાર્યવાહીની વિગતો પૂછી છે.

જ્યારે ૧૪માં ક્રમે કોંગી નગર સેવક મકબુલ દાઉદાણીએ મનપાનાં ઈજનેર ઉપર થયેલા હુમલા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો તેમજ મનપાનાં આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળો અટકાવવા માટેના જે પગલાં લેવામાં આવ્યા તેની વિગતો પૂછવામાં આવી છે. જનરલ બોર્ડમાં કમિશનર તુષાર સુમેરાએ રજૂ કરેલી જુદી-જુદી ૧૨ દરખાસ્તોનો નિર્ણય પણ લેવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે ૨૦૦ કરોડ રૂપિયા લોન કે ઓવરડ્રાફ્ટ દ્વારા મેળવવા માટેની સ્ટેન્ડિંગમાં મંજુર થયેલી દરખાસ્ત, રેલવે જંકશન સામે દૂર કરવામાં આવેલ દુકાન માલિકો માટે વૈકલ્પિક જગ્યા ફાળવવા, વોર્ડ નંબર ૧૨ની મનસુખભાઇ છાપીયા ટાઉન શીપની દુકાનો હરરાજીથી આપવા, તેમજ સફાઈ કામદારોનાં વારસદારોને નોકરી આપવા સહિત અગાઉ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજુર થયેલી દરખાસ્તો ઉપરાંત જુદા જુદા નામકરણ સહિત દરખાસ્તોનો સમાવેશ કરાયો છે.

### ઈન્ચાર્જ સેક્રેટરીની નિમણૂક માટે કમિશનરે દરખાસ્ત નથી કરી

મહાનગરપાલિકામાં લાંબા સમયથી ખાલી પડેલી ડેપ્યુટી સેક્રેટરીની જગ્યા માટે ઈન્ટરવ્યૂ લેવાયા પછી કમિશનર દ્વારા આ જગ્યા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારનું નામ ઓફિસર્સ સિલેક્શન કમિટીને મોકલી આપ્યું છે. પણ ઓફિસર્સ સિલેક્શન કમિટી દ્વારા કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. આથી આ પોસ્ટ માટે કોઈ દરખાસ્ત કમિશનર દ્વારા કરવામાં આવી નથી.